
# સર્વધર્મ ઉપાસના

સંતબાલ



મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

અમદાવાદ.

સંતસુરભિ :૬:

# સર્વધર્મ ઉપાસના

ધર્મ અમારો એકમાત્ર એ,
સર્વધર્મ સેવા કરવી.
સંતબાલ

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦૦૦૪

● પ્રકાશક :
**મનુ પંડિત**
મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર,
હઠીભાઈની વાડી, શાહીબાગ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૪

● પ્રથમ આવૃત્તિ : ૧૯૬૮ : બીજી આવૃત્તિ ૧૯૯૯

● કિંમત : **૭ રૂપિયા**

● મુદ્રક : અર્થ કોમ્પ્યુટર,
૨૭, અડવાણી માર્કેટ, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦૦૦૪

## સર્વધર્મ પ્રાર્થના

● પ્રાર્થના... આજે જ્યારે હવે દુનિયાની માનવજાત હૃદયથી એક થવા મથી રહી છે ત્યારે બિન-સાંપ્રદાયિક ભાવની પ્રાર્થનાનું સાધન દરેક ધર્મના માટે અનિવાર્ય જરૂરી છે.

**-સંતબાલ**

● બધી પ્રાર્થનાઓનો આદર્શ એક જ છે કે આપણે હૃદયમાં ઈશ્વરને વસાવીએ.

**-ગાંધીજી**

# અનુકરણીય

આ નાનકડી ચોપડી એક પુરુષાર્થી, વિશાળ દષ્ટિવાળા જૈન સાધુએ, પોતે સ્થાપેલા 'સર્વ-ધર્મ ઉપાસના મંદિર'ની પ્રેરણા તરીકે લખેલી છે. હું માનું છું કે ગુજરાતના બધા જ સંસ્કારી વાચકો આને વાંચશે. પણ જૈન વાચકો જ આને વિશેષરૂપે આવકારશે. કેમ કે આમાં નવી ઢબની બધી દલીલો વાપરીને જૈન ધર્મનું સર્વોપરિપણું સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે, અને જૈન લોકોને આટલો સંતોષ આપ્યા પછી, એમને નવી પ્રેરણા માટે તૈયાર કર્યા છે કે આજના યુગના માનવીઓએ પોતપોતાના વાડામાંથી બહાર નીકળ્યે જ છૂટકો.

આ નાની ચોપડીમાં દુનિયાના બધા ધર્મોનો અછડતો ખ્યાલ આપ્યો છે અને એ બધાં વિશે આદર અને આત્મીયતા કેળવવાનો ઉપદેશ આપ્યો છે. મને લાગે છે કે વાચકોને બધા ધર્મોની માહિતી આમાં આપી છે એના કરતાં વધારે હોવી જોઈએ. છતાં જેટલી છે તેટલી ઉપયોગી છે જ.

આપણે ભૂલવું ન જોઈએ કે હિંદુ સંસ્કૃતિમાં ઉછરેલા સામાન્ય લોકોને બધા ધર્મો વિશે સામાન્ય આદર હોય જ છે. ઈસ્લામી કે ઈસાઈ લોકો તરફથી હિંદુઓને જે રંજાડ જૂના કાળમાં સહન કરવો પડ્યો તેથી હિંદુઓના દિલ સહજે ખાટાંએ થયાં હતા. અંગ્રેજ રાજ્યકર્તાઓએ એ ધર્મના લોકો પ્રત્યે

પક્ષપાત બતાવ્યો તેથી ધર્મો વચ્ચે વૈમનસ્ય ઊભું થતું ગયું અને રાજદ્વારી વૃત્તિવાળા લોકો અભિમાનમૂલક સંકુચિત સંગઠન કરવા લાગ્યા. આ જે દોષ સમાજમાં આવ્યો છે તે મટાડવાનું સાહિત્ય હવે જરૂરી છે.

સર્વધર્મ-સમભાવની વાત હિંદુ સંસ્કૃતિના પાયામાં છે જ. હિંદુઓને આ વાત સહજે ગળે ઊતરે છે, બીજા લોકોને સમજાવવા માટે આપણે શું કરી શકીએ એ એક મોટો સવાલ છે. એને માટે જુદા જ જાતનું સાહિત્ય તૈયાર કરવું પડશે.

મૂર્તિપૂજા વિશે આપણે તટસ્થ રહીએ એ જ આજે ઉત્તમ રસ્તો છે. ઈશ્વરની ભક્તિ માટે મૂર્તિની જરૂર નથી. આપણે ત્યાં પણ એ જાતના વચનો છે. છતાં રોમન કેથોલિક, બૌદ્ધ અને હિંદુઓ મૂર્તિપૂજાથી ટેવાયેલા છે.

પ્રાચીનકાળમાં મૂર્તિપૂજા સાથે ઘણાં અનિષ્ટો સમાજમાં પેસી ગયાં હતાં. તેથી ઈસ્લામ જેવા ધર્મોએ અને પંથોએ મૂર્તિપૂજાનો વિરોધ કર્યો. આજે એ જૂના દોષો રહ્યા નથી તેથી મૂર્તિપૂજા વિશે આપણે તટસ્થ રહીએ તો બસ છે. (૧) ધ્યાન માટે મૂર્તિ રાખવી અને (૨) નવડાવવા, પીવડાવવા અને ખવડાવવાનો આનંદ મેળવવા માટે મૂર્તિપૂજા કરવી એ નોખી વસ્તુ છે. એટલે આપણે તો આ વિષયમાં તટસ્થ રહીએ તો સારું.

મુનિ સંતબાલજી સંતપરંપરાને વરેલા છે. ઠીક ઠીક રૂઢિવાદી છે. એટલે એમનો ઉપદેશ જૈનસમાજને સ્વાભાવિક રીતે ગમવાનો જ. તેઓ જ્યારે સુધારા સૂચવે છે ત્યારે સમાજે એમની વાત પ્રસન્નતાથી વધાવી લેવી જોઈએ. તેઓ રાજનીતિમાં પણ પ્રવેશ કરે છે. એમાં તો રાજદ્વારી લોકોની જ સલાહ માન્ય

થવાની છતાં એમની એટલી વાત તો સાચી છે કે ધર્મપુરુષોએ રાજનીતિના ક્ષેત્રમાં તટસ્થ રહ્યે હવે પાલવે નહિ.

મુનિ સંતબાલજીની બધી પ્રવૃત્તિ સદ્‌બુદ્ધિ પ્રેરિત છે. એટલે એને વિશે મનમાં આદરની ભાવના રહે છે.

આ ચોપડી વાંચી જૈનધનિકો જો ભિન્નધર્મી લોકોને અપનાવવાનું શરૂ કરે, તે તે ધર્મના ગરીબોને આર્થિક મદદ કરવા લાગે તો સમજી શકાય કે મુનિજીની વાત હવે અસરકારક થવા લાગી છે ખરી.

રાજઘાટ **કાકા કાલેલકર**

નવી દિલ્હી,

તા. ૯-૧-'૬૮

●

## પ્રકાશકીય

છેલ્લાં છ વર્ષથી નવા વર્ષ નિમિત્તે મુનિશ્રીના સાહિત્યમાંથી આમજનતાને ઉપયોગી સાહિત્ય પસંદ કરી 'સંત સુરભિ' નામે પ્રગટ કરતા આવ્યા છીએ. આજ સુધીમાં એવી પાંચ પુસ્તિકા પ્રગટ થઈ ચૂકી છે.

આ નાની પુસ્તિકા તેમના સમગ્ર ચિંતનનું જાણે કે એક નભબિંદુ છે; તેજસ્વી તારલા સમાન છે. એમની પ્રાર્થનાની પહેલી પંક્તિ-'ધર્મ અમારો સર્વધર્મ સેવા કરવી.'નું જાણે કે આ સરળ વિવેચન છે. એનો ઉપયોગ કરીએ.

વિજયા દશમી, મનુ પંડિત-મંત્રી

તા. ૧૯-૧૦-૧૯૯૯ મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

# પ્રાસંગિક

## ૐ મૈયા

જેમ ખેતરમાં 'બી' નાખવા પહેલાં ખેતરને સારી પેઠે ખેડવું પડે છે અને 'બી' ઊગ્યા પછી પણ આસપાસના ઝડપથી ઊગતા ઘાસને નીંદવું પડે છે, તેમ વ્યક્તિગત અને સમાજગત જીવનમાં પણ ખેડવાની અને નીંદવાની એમ બંને ક્રિયાઓ વિવેકપૂર્વક કરવી જ પડે છે. તેમ ન કરવામાં આવે તો મબલખ પાકનો લાભ વર્ષા, ખાતર અને મહેનત ત્રણેય હોય તોયે ન મળી શકે.

માનવ શરીર ઉત્તમ ખેતર છે. જેમાંથી મોક્ષમાર્ગનો મબલખ પાક ઊતરી શકે છે. માત્ર એના મનમાં વિશ્વ વિશાળ દૃષ્ટિનું ખાતર મળવું જોઈએ. ચારિત્ર્યલક્ષી સંસ્કારોનો માફકદાર વરસાદ મળવો જોઈએ. અને સાથોસાથ એમાં સંત, સેવકસંસ્થા અને જનસંસ્થાઓની મહેનત પણ ભળવી જોઈએ. આટલું થયા પછી પણ જો ખેડાણ અને નીંદામણ યોગ્ય ન હોય તો મબલખપાક (મોક્ષ)નો લણી ન શકાય. આજની દુનિયાને એ બંને ક્રિયાઓની અનિવાર્ય જરૂરત છે. જો એ બે ક્રિયાઓ નહિ થાય તો ધર્મના અનુગમો અથવા સંપ્રદાયો કે જેમના દ્વારા ખેડાણ અને નીંદામણની ક્રિયાઓમાં મહા મદદ મળવાની છે, તે નહિ મળે. એટલું જ નહિ બલકે ધર્મસંપ્રદાયો પોતે પણ દુનિયાનાં વિચારક પરિબળોની નફરતને પાત્ર બની જશે. આથી એક બાજુ ધર્મસંપ્રદાયોને પરસ્પર સાંકળવા પડશે અને તેમાં

પેઠેલી સાંપ્રદાયિક સંકીર્ણતાઓને સાફ કરવી પડશે. આ કંઈ એકાએક સાફ નહિ થાય. વાસ્તવિક ધર્મના વૈજ્ઞાનિક પ્રયોગો પણ કરવા જોઈશે.

ગાંધીજીએ વ્યક્તિગત જીવનમાં જાતે અને સામુદાયિક જીવનમાં સંસ્થા વાટે જે સત્ય-અહિંસાના પ્રયોગો કર્યા છે તે વાસ્તવિક ધર્મના અથવા સત્ય-અહિંસાના જ વૈજ્ઞાનિક પ્રયોગો હતા. તેમણે જૈનપરિભાષામાં કહીએ તો 'ભાવસંયમ'ની ભૂમિકા જગતને પૂરી પાડી છે. હવે તેમના સંદર્ભમાં શ્રીમદ્ રાજચંદ્ર કહે છે તેમ 'દ્રવ્ય સંયમ અને ભાવ સંયમ' એમ બંને ભૂમિકાઓ ગાંધીજીનું અનુસંધાન લઈને આગળ ધપાવવી જોઈશે.

આમ સદ્ભાગ્યે 'ભાલનળકાંઠા પ્રયોગે' સર્વધર્મ ઉપાસના મંદિર દ્વારા ખેડાણ અને શુદ્ધિ પ્રયોગો દ્વારા સામુદાયિક અહિંસાના પ્રયોગો દ્વારા નીંદામણના સફળ નમૂનાઓ વિશ્વ ચોગાનમાં છતા કર્યા છે. જિજ્ઞાસુ વાચકો આ નાનકડી પુસ્તિકા દ્વારા તે વાત સમજીને આ મહાન પ્રયોગમાં પોતાનો સક્રિય સાથ પુરાવશે એવી અપેક્ષા છે. માનવજગતને ભારતના માધ્યમે-અને ભારતમાંય આ બાબતમાં મોખરે રહેલા ગુજરાતમાંના ભાલનળકાંઠા પ્રયોગના માધ્યમે એક નોંધપાત્ર વિશ્વલાભનું નિમિત્ત બનાવવામાં યત્કિંચિત્ ફાળો આપ્યો છે, એમ કહ્યા વિના રહી શકાતું નથી.

રાણપુર **'સંતબાલ'**

તા. ૩૧-૧૨-'૬૭

●

# આત્મચિંતન

*(મુનિશ્રીની સાંજ-સવારની પ્રાર્થનામાં જેનું રોજ ચિંતન કરવામાં આવે છે તેવી બે પ્રાર્થનાઓ- 'આત્મચિંતન' અને 'ગુણ સ્મરણ' અહીં આપી છે.)*

ધર્મ અમારો એકમાત્ર એ સર્વધર્મ-સેવા કરવી,
ધ્યેય અમારું છે વત્સલતા, વિશ્વમહીં એને ભરવી;
સકલ જગતની બની જનેતા વત્સલતા સહુમાં રેડું,
એ જ ભાવનાના અનુયાયી બનવાનું સહુને તેડું.
નાત-જાતના ભેદ અમોને લેશ નથી કાંઈ આભડતા,
દેશ-વેશના શિષ્ટાચારો વિકાસ માટે નહીં નડતા;
નિર્ભય બનીને જાન-માલની, પરવા કદીયે નવ કરીએ,
અમ માલિકીની વસ્તુનો મૂઢ સ્વાર્થ પણ પરહરીએ.
બ્રહ્મચર્યની જ્યોત જગાવી સત્ય પ્રભુને મંદિરીએ
જગસેવાને આંચ ન આવે એ વ્યવસાયો આચરીએ;
સદ્‌ગુણ સ્તુતિ કરીએ સહુની નિંદાથી ન્યારા રહીએ,
વ્યસનો ત્યજીએ સદ્‌ગુણ સજીએ ટાપટીપ ખોટી તજીએ.
ખાવું પીવું હરવું ફરવું સૂવું જાગવું ને વદવું,
સર્વ ક્રિયાઓ કરતાં પહેલાં, પાપવિકારોથી ડરવું;
છતાં થાય ગફલત જે કંઈ તે ક્ષમા માગી હળવા થઈએ,
સર્વ ક્ષેત્રમાં રહીએ તો પણ આત્મભાન નહિ વિસ્મરીએ.

●

# સર્વધર્મ ઉપાસના

ધર્મ શબ્દથી જ્યારે દુનિયાનો વિચારક વર્ગ નફરત કરે છે, ત્યારે સર્વધર્મ ઉપાસનાના ગાણાં કેમ ગવાય છે ? એ પ્રશ્ન ઊઠે. જો ગાંધીજીને આપણે વિશ્વવંદ્ય માનતા હોઈએ તો એ પ્રશ્નનો ઉત્તર તરત મળી રહે છે. ગાંધીજીએ રાજકારણમાં ગંદાપાણીને ધર્મતત્ત્વ દ્વારા જ નિર્મળ બનાવ્યું. હા, અહીં સદ્‌ગત રવીન્દ્રનાથ ઠાકુરના નીચેની મતલબના શબ્દો વિચારવા ઘટે છે. ભારતના ગુરુદેવ ગણાતા તે મહાપુરુષે કહ્યું છે :

'ધર્મ, વિજ્ઞાન અને સાહિત્ય કરતાં પાછળ પડી ગયો છે.' આનો અર્થ એ કે ધર્મના વૈજ્ઞાનિક પ્રયોગો થવા જોઈએ અને ધાર્મિક સાહિત્યમાંથી શુષ્કતા દૂર થવી જોઈએ. તેવી જ રીતે વિજ્ઞાન અને સાહિત્ય બંનેએ પણ ધર્મની સૂગ કાઢી નાખવી જોઈએ.

### રાજકારણની પકડ

આજે વળી વિજ્ઞાન, સાહિત્ય અને ધર્મ ઉપર પણ રાજકારણે પકડ જમાવી છે. અર્વાચીન યુગના પ્રખર વૈજ્ઞાનિક શ્રી આઇન્સ્ટાઈન જેવાઓએ અમેરિકા સાથે જે કરાર કરેલો 'લડાઈમાં વિજ્ઞાનનો પ્રયોગ નહિ કરીએ.' તે કરારને રાજકારણીય કહેવાતા લોકનેતાએ છડેચોક તોડ્યો. જપાનનાં નાગાસાકી અને હીરોશિમા તારાજ થયાં. આ જોઈને નિરુપાય બનેલો અણુબોંબ ફેંકવા ગયેલો એક વૈજ્ઞાનિક આખરે મગજ ગુમાવી બેઠો.[1] એવું જ સાહિત્યકારોનું છે. દુનિયામાં આજે જે

---

૧. આ માટે તાજેતરમાં યજ્ઞ પ્રકાશન વડોદરા તરફથી પ્રગટ થયેલ પુસ્તિકા 'મોતના વાવેતર' જુઓ.

સાહિત્ય પ્રતિષ્ઠા પામી શકે છે, તે રાજકારણ અને મૂડીવાદનું ઓશિયાળું નથી ? અને ભારત પાકિસ્તાનના ભાગલા પડાવનાર અને ભાગલા પડાવ્યા પછી એક ધર્મને માનનાર માનવો, બીજા ધર્મને માનનાર માનવો તરફ નફરત ધરાવતા કેટલી હદે થયા ? એ વિચાર શું કરવા જેવો નથી ? ભારતમાં પાકિસ્તાનમાંથી આવેલી લાખો માણસોની હારમાળા દુનિયા દૃષ્ટિએ ધર્મ નામને નીચે પાડનારી નથી ? અને તેથી જ આપણે એવા ધર્મની આશા રાખીએ કે જે ધર્મ કોઈથી નફરત ન કરે એટલું જ નહિ બલકે માનવમાત્ર ઉપરાંત નાના મોટા જીવમાત્રને દિલથી ચાહે. આવા ધર્મમાં વિજ્ઞાન, સાહિત્ય અને રાજકારણ ઓગળવામાં પોતાનું ગૌરવ માનશે.

## ધર્મ એટલે શું ?

આ રીતે વિચારતાં ધર્મ એ સંપ્રદાય નથી. ધર્મ એ કર્મકાંડો કે તીર્થયાત્રાઓ નથી. ધર્મ એ તો વ્યક્તિગત, સમાજગત અને સમષ્ટિગત જીવન સાથે અશક્ય પરિહાર ધરાવતી મહામૂડી છે. માનવી ખોરાક વગર ઘણો સમય જીવી શકે, પાણી વિના અમુક સમય જીવી શકે, અરે હવા અને પ્રકાશ વિના પણ કલ્પના કરતાં માનવું પડે કે કદાચ જરૂર જીવી શકે, પરંતુ ધર્મ વિના માનવી એક ક્ષણ પણ નહિ જીવી શકે. આથી જ કહેવાયું છે : 'धर्मेण हीनाः पशुभिः समाना' ધર્મ વિના માનવ જાનવર તો શું, તેથીય બદતર બની શકે છે.

આવા ધર્મનું મૂળ લક્ષણ આ છે કે 'સત્ય નહિ તો ધર્મ જ શાનો ?' એટલે કે સત્ય એ જ ધર્મ છે. સત્ય એ જ આત્મા અને સત્ય એ જ પરમાત્મા હોવાથી ધર્મનો મુખ્ય સંબંધ આત્મા-

પરમાત્મા સાથે સંકળાયેલો છે. આત્મા-પરમાત્મા સાથે ખનીજ, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિથી માંડી ઠેઠ માનવ સુધી જોઈએ તો નાનામોટા જીવમાત્ર આત્મા પરમાત્મા સાથે જોડાયેલા છે. એથી માનવું પડે છે કે વિશ્વનાં પ્રાણીમાત્ર ધર્મસાથે સીધી કે આડકતરી રીતે જોડાયેલાં છે.

## માનવની વિશેષતા

આમ છતાં માનવ જેટલું ધર્માચરણ કરી શકે છે, તેટલું જગતનો બીજો કોઈપણ દેહધારી ધર્માચરણ કરી શકતો નથી. ગાંધીજીએ આથી જ કાલીઘાટના પશુવધ પર ટીકા કરતાં એ મતલબનું કહ્યું : 'માનવ, જગતનાં બીજાં સર્વ પ્રાણીઓનો વાલી હોઈ, માનવની ફરજ ઘણી મોટી છે.'

ખરેખર જો આમ જ હોય અને સાચે જ આમ જ છે તો 'जीवो जीवस्य जीवनं' નહિ પણ 'मानवः सर्वजीवनाम् रक्षकः' બનવો જોઈએ.

## ભારતની જગત તુલના

જગતની તુલનામાં ભારતની રાષ્ટ્રીય મહત્તા આ જ દષ્ટિએ છે. અમેરિકાની 'સર્વ ધર્મ પરિષદ'ની વ્યાસપીઠ પરથી યુવાન સ્વામી વિવેકાનંદે જ્યારે દુનિયાના ભેગા થયેલા ધર્મપ્રેમી લોકો આગળ 'બહેનો અને ભાઈઓ' રૂપે સંબોધન કર્યું અને આખું જગત એ સંન્યાસીને મુગ્ધભાવે જોઈ રહ્યું. કારણ તે ભારતનો સંન્યાસી હતો. જેણે 'वसुधैव कुटुंबकम्' અને 'आत्मवत् सर्वभूतेषु'નાં સૂત્રો માત્ર વાંચ્યાં, સાંભળ્યાં કે પીધાં જ નહોતાં. રગેરગમાં પચાવી કાઢ્યાં હતાં.

મહર્ષિ દયાનંદ આ જ ઋષિમુનિ ત્યાગી સંત મહંત

ભક્તોની ભારતભૂમિમાં પેદા થઈ શકે કે જેણે બ્રહ્મચર્યની પ્રતિભાથી પીધેલા કાચને પણ પચાવવા શરીર દ્વારા ભગીરથ પ્રયાસ કર્યો. જોકે આખરે તેઓ સંપૂર્ણ સફળ ભલે ન થયા, પણ કૈંક નાસ્તિકોમાં આસ્તિકતા તો જરૂર ભરી શક્યા, મૂડદાંરૂપ બનેલા નરનારીઓમાં વીરતાની ચેતના ફૂંકી સૌને સજીવન કર્યાં.

સ્વામી રામતીર્થ જ્યારે હિમાલયનાં ગિરિશૃંગો પર ઘૂમતા ઘૂમતા આત્મમસ્તીમાં ચઢીને તેમને આહ્‌વાન કરે છે ત્યારે તે ઉત્તુંગ શિખરો પણ ધરાશાયી થવા માંડે છે. માનવ ટોળાનું તો ત્યાં પૂછવું જ શું ?

આ બધાનો આ યુગનો સફળ પરિપાક એ જ ગાંધીજીનું ભારતમાં પેદા થવું છે. શ્રી અરવિંદ, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ દયાનંદ, શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી આ યુગે અને આ સંક્રાંતિકાળે આ જ ભારતવર્ષમાં જન્મ્યા અને જગતને નવી રોશની આપી. આથી જ શ્રી અરવિંદે અને તેમણે એકી અવાજે મુક્ત કંઠે ભાખી દીધું : 'જગતનો ઉદ્ધાર ભારત મારફતે થશે.'

### ભારત એટલે કોણ ?

ભારત એટલે દુનિયાની સર્વ પૂજાઓનો હિતચિંતક દેશ. હમણાં જ પર્યટન કરતાં વડોદરાથી આવેલા સજ્જન બોલ્યા : 'ડૉ. રામમનોહર લોહિયાનાં મુખ્ય બે સ્વપ્નોમાં એક એ હતું કે વિશ્વસરકાર બને.' વિશ્વસરકાર તો આજે કે કાલે બનવાની જ. માટે તો સંયુક્ત રાષ્ટ્રસંઘ બન્યો છે. અને તેણે એક પરાક્રમ તો દુનિયા સામે સિદ્ધ કર્યું જ છે કે ત્રીજું વિશ્વયુદ્ધ હજુ થવા

દીધું નથી, અને એ પરાક્રમમાં પંડિત જવાહરલાલનો ભારત પ્રતિનિધિ તરીકેનો ફાળો અભૂતપૂર્વ છે જ.

પણ આખરે રાજકારણીય ક્ષેત્રની મર્યાદા છે જ. અને આજે ભારત રાજકારણીય ક્ષેત્રની મર્યાદાના કુંડાળામાં રહી દેશ અને દુનિયાના રાજકીય સવાલો ચર્ચે છે, એટલું જ નહિ ગાંધીજીએ અધૂરી મૂકેલી આર્થિક, સામાજિક અને નૈતિક આઝાદી અપાવવાનું કાર્ય પણ પોતાને માથે લઈને ફરે છે. પરિણામે આખી દુનિયાની ચિંતાનો બોજો વેંઢારવા છતાં 'નહિ ત્રણમાં નહિ તેરમાં અને નહિ છપ્પનના મેળમાં' જેવી તેની ત્રિશંકુ દશા છે.

ભારત દ્વારા જગત કલ્યાણ થવાનું હોય અને તે થવા સર્જાયેલું છે તો આપણે ભારતની પોતાની અસલી ખાસિયત બરાબર સમજી લેવી જોઈએ. ભારતની અસલી ખાસિયત 'વ્યાપક ધર્મ ભાવના'ની છે. ભારતનું દુનિયાના કોઈપણ દેશની હરોળમાં આગળ પડતું તરી આવતું સૂત્ર પણ 'ધર્મ' જ છે. મતલબ કે ભારત એક ધર્મપ્રધાન રાષ્ટ્ર છે. ભારતે હજારો વર્ષથી પોતાની આગવી સંસ્કૃતિ અખંડપણે જાળવી રાખી છે. તે પણ આવી વ્યાપક ધર્મભાવનાથી જ.

## દુનિયાના ધર્મો અને ભારત

દુનિયાભરમાં નાનો કે મોટો કોઈપણ ધર્મ એવો નથી કે જેને ભારતે ન અપનાવ્યો હોય ! અને દુનિયામાં કોઈપણ ધર્મ એવો પણ નથી કે જેણે સ્વસ્વીકૃતિ કાઢવાનું સાચું ઓસડ ભારતમાંથી ન મેળવ્યું હોય ! થોડાં વર્ષો પહેલા જ ભારતની આંતરરાષ્ટ્રીય નગરી મુંબઈમાં એક જગત આખાનું ખ્રિસ્તી

મહાસંમેલન મળી ગયું. જેમાં તે પંથના રોમન કેથોલિક મહાન ધર્મગુરુ શ્રી પોપસાહેબ પધારેલા. તેમણે કબૂલ્યું : 'હવે એકલા ખ્રિસ્તીધર્મના અભ્યાસથી નહિ ચાલે હિંદુ ધર્મનો અભ્યાસ પણ ઊંડાણથી અને જિજ્ઞાસાથી કરવો પડશે.'

## હિંદુ ધર્મ એટલે શું ?

અરબસ્તાનમાં રહેતા હિંદુસ્તાનના મુસ્લિમને ત્યાંના મુસલમાનો 'હિંદુ' જ કહે છે. એ રીતે જોતાં હિંદુધર્મ એટલે માત્ર હિંદમાં જન્મેલા ધર્મો જ નહિ પણ હિંદ ભૂમિમાં વિકસેલો દુનિયાનો કોઈપણ ધર્મ 'હિંદુધર્મ' જ ગણી શકાય. ગાંધીજી આ દૃષ્ટિએ સર્વોચ્ચ હિંદુ હતા. તેમને કોઈએ પૂછેલું, તેના જવાબમાં તેમણે સાફ કહેલું : 'હું હિંદી ખરો, પણ તેનાય પહેલાં તો હું હિંદુ છું.' મતલબ એમને મન હિંદ દેશ કરતાંય હિંદુ ધર્મ મોટો હતો. આથી જ તેમના 'જયહિંદ'માં 'જયસર્વધર્મ' જ ફલિત થતું હતું.

## હિંદમાં પેદા થયેલા ધર્મો

આ દેશમાં ત્રણ મહાન ધર્મો પેદા થયા : (૧) વૈદિકધર્મ, (૨) જૈનધર્મ અને (૩) બૌદ્ધધર્મ. બોદ્ધધર્મે એશિયામાં પગલાં પાડ્યા ત્યારથી અને ધીમે ધીમે બૌદ્ધધર્મનું આખુંયે સ્વરૂપ ફરી ગયું. બાકી રહ્યા આ દેશમાં પેદા થયેલા અહીં મૂળભૂત બે ધર્મો : (૧) વૈદિક અને (૨) જૈન. આ બેના પ્રમાણમાં પણ ઊંડાણ જાળવવામાં જૈનધર્મ મોખરે રહ્યો એટલે વૈદિકધર્મના ઊંડાણના ખેડાણમાં સૌથી વધુ ફાળો જૈનધર્મનો નિર્વિવાદપણે છે. આદ્ય જગદગુરુ શંકરાચાર્યે છોને બૌદ્ધધર્મ અને જૈનધર્મનો પ્રબળ વિરોધ પોકાર્યો પણ પોતે જ સ્વયં બની ગયા

'પ્રછન્નબૌદ્ધ' અને ફૂદડીવાદ કહી અનેકાંતવાદની ઠેકડી ઉડાડવા છતાં તેમના શિષ્ય રામાનુજાદિ આચાર્યોએ તેમના જ કેવલાદ્વૈત સિદ્ધાંતનાં અનેક પાસાં કાળે કાળે છતાં કરી દીધાં. દા.ત., વિશિષ્ટ દ્વૈત, દ્વૈત, દ્વૈતાદ્વૈત, શુદ્ધાદ્વૈત વગેરે. હું તો વિશ્વગ્રંથ ગીતામાં જ જૈનધર્મનો આત્મા પડેલો અનુભવી રહ્યો છું.

ગાંધીજી કહે છે : 'મારા પર ત્રણ મહાપુરુષોનો પ્રભાવ છે : (૧) શ્રીમદ્ રાજચંદ્ર, (૨) કાઉન્ટ લીયો ટોલ્સ્ટોય અને (૩) શ્રી રસ્કિન'. તે શ્રીમદ્ રાજચંદ્ર જૈનધર્મના જ ખેરખાં હતા.

## જૈનધર્મનો પ્રભાવ

ભારત દ્વારા આજના જગતમાં ગાંધીજીએ અહિંસાના જે સૂક્ષ્મ અને સામુદાયિક પ્રયોગો કર્યા, તેમાં જૈનધર્મનો સૌથી વધુ પ્રભાવ હતો. કારણ કે જે તપમાં મહાવીર મોખરે ગણાય છે. એ જ તપના ગાંધીજીએ વ્યક્તિગત અને સામુદાયિક પ્રયોગો કર્યા છે. આમેય લોકમાન્ય તિલકે વૈદિક ધર્મના અહિંસા વિકાસમાં જૈનધર્મનો ફાળો અપ્રતિમપણે કહ્યો જ છે. સાથોસાથ હમણાં સર્વધર્મોના ઐતિહાસિક અભ્યાસી લખનૌના શ્રી વિશ્વંભરનાથ પાંડે તો જગતના દેશો આ દૃષ્ટિએ ફરીફરીને એ પણ બતાવે છે કે વિશ્વના ખ્રિસ્તીધર્મ ઉપર પણ જૈન ધર્મની અસર છે.' અને 'વિશ્વના ઈસ્લામી ધર્મ' ઉપર પણ જૈનધર્મની ઘણી મોટી અસર છે જ, અને બૌદ્ધધર્મ ઉપર તો જૈનધર્મની ઘણી મોટી અસર હોવી સ્વાભાાવિક જ છે. કારણ કે (૧) વૈદિક ધર્મમાં આવેલી વિકૃતિઓ સામે ખભે ખભા મેળવી બૌદ્ધોએ અને જૈનોએ લાંબા કાળ લગી કાર્ય કર્યા કર્યું.

(૨) બૌદ્ધધર્મમાં ભગવાન બુદ્ધને મુખ્ય મહત્ત્વ અપાયું છે. જયારે જૈનધર્મમાં ઠેઠ ઋષભનાથથી મહાવીર લગીની પરંપરા ચાલી આવી છે. (૩) ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ દેશમાં જૂની પરંપરાઓ માત્ર વૈદિક અને જૈન જ હતી. એટલે વૈદિક વિકૃતિઓ સામે જૈનો જૂના કાળથી ઝઝૂમતા ચાલ્યા આવેલા હોઈ બૌદ્ધધર્મ પર જૈનધર્મનો પ્રભાવ વધુ પડે તે સ્વાભાવિક હતું. આમ જ્યારે ભારત દ્વારા વિશ્વમાં વ્યાપક ધર્મભાવનાનું માધ્યમ લઈને આપણે આગળ જવું હશે ત્યારે જૈનધર્મનાં અનેકાંતવાદ તથા અહિંસાને મોખરે રાખવા વિના છૂટકો નહિ થાય. કાકા કાલેલકરે જૈનધર્મની ખૂબી તેની સંખ્યા ન વધારવાની પરંપરાને ખાતે ખતવી છે, ખરેખર તે યોગ્ય જ છે.

## હેમચંદ્રાચાર્યનું ગુજરાત

ચાવડા, સોલંકી વગેરે રાજ્યશાસનોમાં જૈનોની બોલબાલા હતી. મંત્રી, દંડનાયક, ખજાનચી, નગરશેઠ વગેરે અનેક પદો જૈનો સંભાળતા. આ બધામાં બારમી તેરમી વિક્રમ શતાબ્દીમાં ભાગ ભજવી ગયેલા હેમચંદ્રાચાર્યને ન વીસરી શકાય. વીસમી સદીમાં જે ગાંધીજીનું ગુજરાત ગણી શકાય. અને હેમચંદ્રાચાર્યની વિશેષતા એ હતી કે તેમણે જૈનધર્મની ગુણવત્તા વધારવામાં જ પોતાનો પુરુષાર્થ કર્યો, સંખ્યા વધારવામાં હરગીઝ નહિ, તેથી જ તેઓ તે કાળે જૈનધર્મને સર્વધર્મીય બનાવી શક્યા અને કલિકાલસર્વજ્ઞ બિરુદ પામી ગયા.

## આજની મુખ્ય જરૂરિયાત

આજના યુગની સર્વદેશોની, સર્વપ્રજાઓની મુખ્ય જરૂરિયાત (૧) 'યુદ્ધ નહિ'ની છે. (૨) નાનાથી માંડીને મોટા સુધી સૌને

રોજી, રોટી, સલામતી અને શાંતિ આપવાની છે. સંક્ષેપમાં (૧) આ બંનેને કહીએ તો સંપત્તિ અને સત્તાની સમાન વહેંચણીની મુખ્ય જરૂરિયાત છે. એ તો જ બને કે જો મૂડી અને રાજ્ય ગૌણ બને તથા નીતિ અને સત્ય મુખ્ય બને. નીતિ અને સત્ય મુખ્ય તો જ બની શકે જો આમ જનતામાં નીતિ અને સત્ય ઓતપ્રોત થઈ જાય. નીતિમાન અને સત્યપ્રેમી જગતની આમજનતા લોકશાહીના વિકાસમાં પણ પ્રભાવશાળી ભાગ ભજવી શકે. એ રીતે વિજ્ઞાન, રાજકારણ અને સાહિત્યની ત્રિપુટી ઉપર માનવનું સ્વામીપણું જામે તથા વિજ્ઞાન, રાજકારણ અને સાહિત્ય ધર્માધીન પણ અનાયાસે બની રહે.

**સર્વધર્મસમાન કાર્યક્રમ**

માટે જ આપણે બધા ધર્મોનો એક સમાન કાર્યક્રમ જગતભરમાં આપવો જોઈએ. ભારત વાટે આપવો જોઈએ. સદ્‌ભાગ્યે સેંકડો વર્ષ બાદ ગુજરાતના ગાંધીજીએ સામુદાયિક રીતે સર્વધર્મ સમન્વયની અને સર્વધર્મસમભાવની ભૂમિકા ભારત દ્વારા જગતમાં ઊભી કરી આપી છે. સત્ય, અહિંસા, તપ અને ત્યાગસંયમના કાર્યક્રમો આમજનતા આચરી શકે તેવા આપ્યા છે. પણ મુશ્કેલી એ આવી છે કે જે ભારતે સર્વધર્મ ઉપાસનાવાળા માનવો દ્વારા જ જગતના ચોગાનમાં ભાગ ભજવવાનો આવ્યો છે, તે ભારત પોતે રાજકારણના સાંકડા વાડામાં ફસાઈ પડ્યું છે. કારણ કે ગાંધીજીએ રાષ્ટ્રીય મહાસભાને ધર્મનો સ્પર્શ કરાવ્યો એને પરિણામે રાજકારણ શુદ્ધ બન્યું, તેટલો જરૂર લાભ મળ્યો. પણ રાજકારણમાં ગયેલા નેતાઓ એમાં જ અટવાઈ પડ્યા. એ આર્થિક,

સામાજિક અને નૈતિક ક્ષેત્રોની સંસ્થાઓનાં વિકાસમાં અંતરાયરૂપ બની રહ્યું.

હવે આપણે એ ભૂમિકા લગી પહોંચી ગયા કે ભારતના માધ્યમે દુનિયાનાં આર્થિક, સામાજિક, રાજકીય અને નૈતિક ક્ષેત્રોની શુદ્ધિ અને પુષ્ટિ થવાની છે તે માત્ર ભારતની વ્યાપક ધર્મભાવના દ્વારા અને ભારતના ગ્રામલક્ષી લોકો દ્વારા. આનો અર્થ એવો જ થયો કે એવા સર્વધર્મ ઉપાસના મંદિરની જરૂર છે કે જેની સાથે વિશ્વમાંના માનવ-માનવનાં હૈયાની સંધિ જોડાયેલી હોય અને આર્થિક, સામાજિક, રાજકીય અને નૈતિક ક્ષેત્રોમાં પડેલા વિવિધ ધર્મોના અગ્રણીઓ તે તે ક્ષેત્રોનાં કામ સાથે સંકળાયા હોય !

## સર્વધર્મ ઉપાસના મંદિર

'સર્વધર્મ ઉપાસના'ની વાત લેતાં જ બીજો મુદ્દો અથવા પ્રશ્ન એ ઊભો થાય છે કે ધર્મ એક છે કે નોખા નોખા છે. જો ધર્મ સર્વત્ર એક છે, એમ લઈએ તો જેમ પાણી એક છે. પવન એક છે.તેમ ધર્મ પણ પ્રત્યેક, જાતિ, કુળ, સમાજ અને રાષ્ટ્રમાં એક જ હોય. એટલે 'સર્વ' વિશેષણ 'ધર્મ' સાથે લગાડવાની જરૂર રહેતી નથી. જેમ કવિવર નાનાલાલ કહે છે :

**'એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય.'**
**'એકને વળગિયા એટલા જ ઊગર્યાં દાણાઓ બીજા દળાયા રે.'**

એટલે કે જો બધાને સાધવા જઈશું, તો બધાય જશે અને એક ધર્મને સાધીશું, તો એકની સાચી વફાદારીથી આપોઆપ બધા ધર્મો સમાઈ જશે.

## સર્વધર્મ કે સ્વધર્મ ?

આથી 'સર્વધર્મ' ઉપાસનાની વાત કરવાને બદલે સ્વધર્મ ઉપાસનાની વાત જ કરવી જોઈએ. ગીતા જેવા વિશ્વગ્રંથે એથી જ કહ્યું છે :

'श्रेयान् स्वधर्मो विगुणःपरधर्मात् स्वानुष्ठितात्' ।
'स्वधर्मे निधनं श्रेयः, परधर्मो भयावहः' ॥

એટલે બીજા ધર્મો કરતાં સ્વધર્મમાં મરવું બહેતર, પણ પરધર્મે જીવવું નહિ સારું !

### સમાધાન

આ પ્રશ્નનો ઉત્તર જરા વધુ વિચારતાં તરત જડી રહે છે. હું ન ભૂલતો હોઉં તો કવિવર નાનાલાલે મત અને પંથની જેમ 'ધર્મો અનેક છે રે' એમ પણ કહ્યું છે. માત્ર હરિવર જ એક કહ્યા છે. આ કોઈ નવી વાત નથી. સ્વામી વિવેકાનંદજીને વિદેશમાં કોઈએ પૂછેલું ત્યારે તેમણે બતાવેલું :

'ભારતમાં ધર્મો અનેક છે, પણ એ અનેક ધર્મોનું ધ્યેય એક જ છે.' 'એકં સદ્વિપ્રા બહુધા વદન્તિ' એટલે કે નિરપેક્ષ સત્ય એક જ છે, પણ સાપેક્ષ સત્યો અનેક હોય છે. દા.ત., એક માણસને વૈદ્ય મલીદો ખાવાનું કહે છે, જ્યારે બીજા દર્દીને લાંઘણ કરાવે છે. બંને કથનોની પાછળ આરોગ્યનું ધ્યેય તો એક જ છે. તેમ પોતપોતાની યોગ્યતા પ્રમાણે સંપ્રદાયગત ધર્મ જુદા જુદા હોય છે, હોવા પણ જોઈએ પરંતુ મૂળભૂત ધર્મ કે સત્ય તો એક જ હોય છે. માત્ર કયે વખતે કયો સ્વધર્મ ? તે શોધવાનું કામ મુશ્કેલ બને, ત્યાં અનુભવી ગુરુજનોને પૂછવાથી સરળતા થાય.

## આજના યુગે સરળતા

પણ આજના યુગે વિજ્ઞાને, સાહિત્યે અને રાજકારણે સારી એવી સરળતા કરી આપી છે. દા.ત., રશિયા અને અમેરિકા વચ્ચે વાદો એટલા જુદા છે કે જો બંને પરસ્પર કટ્ટર વિરોધીવાદો ધરાવે છે તેમ કહીએ તો ચાલે અને છતાં વૈજ્ઞાનિકો પરસ્પર એકબીજાની શોધની આપ-લે કરી શકે તેટલી હદે તેઓને ઈચ્છાએ કે અનિચ્છાએ એક થવું પડે છે. એવું જ સાહિત્યક્ષેત્રના લોકો એકબીજા દેશોના સાહિત્યો અપનાવી શકે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પણ બધા દેશો પરસ્પર કટ્ટર રીતે વિરોધી વિચારો ધરાવતા છતાં સાથે સભ્યો તરીકે રહી શકે છે. આર્થિક ક્ષેત્રમાં પણ એકમેકને મદદકર્તા બની શકે છે. આમ જો આર્થિક, રોટીબેટી વ્યવહાર (સામાજિક) રાજકીય વગેરે બાબતોમાં એકમેકનો સહકાર રહી શકે છે તો ધર્મભેદોના ઝઘડા શા માટે જોઈએ ?

ઈસ્લામી કવિ ઇકબાલ કહે છે, તે વાત સાચી છે જ.

**'મજહબ નહીં સીખાતા, આપસમેં બૈર રખના**
**મજહબ યહી સીખાતા, આપસમેં પ્યાર રખના.'**

સાચો ધર્મ કદી વેર કરાવતો નથી, તે તો પ્યાર કરાવે છે. હા, માનવની પ્રાથમિક કક્ષાનો કાળ હતો, ત્યારે નોખાં નોખાં સ્થાનોની એકાગ્રતા બરાબર જમાવવા માટે 'સામાનો ધર્મ જુદો આપણો ધર્મ જુદો' એવા ભેદો ભલે પડ્યા; પણ હવે માનવજાત એટલી તો આગળ વધી જ છે કે તે પોતાના જન્મજાત ધર્મ તરફ બહુમાન ધરાવે છે, તેવું જ બીજાના જન્મજાત ધર્મ તરફ પણ બહુમાન ધરાવી શકે. જેમ એક ઘરમાં રહેવા છતાં પણ

એક જણ લાડુ અને બીજો જણ પ્રેમપૂર્વક થુલી ખાઈ ભેગો જમણનો લહાવો લઈ શકે છે, તેમ એક જ ઘરમાં અને સમાજમાં રહેવા છતાં બે જણ જુદા જુદા સાંપ્રદાયિક ધર્મોનો આનંદ કેમ ન લઈ શકે ? અથવા એથી પણ આગળ વધીને બધા ધર્મો પોતાના જ છે એવો વિશિષ્ટ આનંદ કેમ ન માણી શકે ? જો નિરપેક્ષ સત્યનું એકમાત્ર ધ્યેય સામે રાખે તો સાપેક્ષસત્યોની વિવિધતાનું સૌંદર્ય વ્યવહારમાં બરાબર તેવો સાધક ઝીલી શકશે. આજે વિવિધતામાંથી એકતા ખોળી, ચાલવાનો ઉત્તમ મોકો છે. આને સારુ વ્યક્તિગત અને સામાજિક જીવનની સમતુલા માટે હું ચાર તબક્કાઓ મૂકું છું : (૧) ધર્મલક્ષી નીતિ, (૨) સક્રિય અધ્યાત્મલક્ષી ધર્મ, (૩) વિશ્વવાત્સલ્યલક્ષી સક્રિય અધ્યાત્મ અને (૪) કષાયમુક્તિલક્ષી વિશ્વવાત્સલ્ય.

## આજના જગતના મુખ્ય ધર્મો

આજના જગતના મોટા (એટલે સંખ્યામાં મોટા) ધર્મો માત્ર ચાર છે : (૧) બૌદ્ધ ધર્મ, (૨) ખ્રિસ્તી ધર્મ, (૩) ઈસ્લામ ધર્મ અને (૪) હિંદુ ધર્મ.

દુનિયાની માનવજાતના ચારેય વર્ગો આ ચાર ધર્મોમાં સમાઈ જાય છે. દા.ત., આર્યજાતિ મુખ્યત્વે હિંદુધર્મમાં સમાઈ જાય છે. સેમેટિક જાતિ મુખ્યત્વે ઈસ્લામધર્મમાં સમાવેશ પામે છે. મોંગોલ જાતિ મુખ્યત્વે ખ્રિસ્તીધર્મ પાળતી હોય છે. અને એશિયાના ભારતેતર દેશોમાં મુખ્યત્વે બૌદ્ધધર્મ દેખાય છે. તેમ જ નીગ્રો જાતિમાં ઈસ્લામ અને ખ્રિસ્તી બંનેય ધર્મો છે.

બીજા પણ બે ધર્મો જનસંખ્યામાં નાના હોવા છતાં પોતપોતાની વિશિષ્ટતા ધરાવતા હોવાથી તે બંનેને લીધા વિના

પણ છૂટકો નથી. તેમના નામ છે : (૧) જરથોસ્તી ધર્મ અને (૨) જૈન ધર્મ.

## ભારતની અસીમ મહત્તા

આપણે અગાઉ જોઈ ગયા તેમ ભારતની અસીમ મહત્તા અહીં પણ પ્રત્યક્ષ પ્રમાણરૂપે પ્રબળ જણાય છે. ઈરાનમાં પેદા થયેલો જરથોસ્તી ધર્મ ઈરાનમાં નહિવત્ છો થયો, પણ ભારતમાં તો એનું ગૌરવ અસાધારણ રીતે ખીલી ઊઠ્યું. જે હેમચંદ્રાચાર્યના અને ગાંધીજીના ગુજરાતે એ ધર્મના અનુયાયીઓનું સ્વાગત કર્યું, તે સંખ્યામાં સદાય અલ્પ રહ્યા હતા, તોય ગુણવત્તાને કારણે આખાયે ભારતમાં તે ધર્મના મૂળતત્ત્વનો દેશવ્યાપી આદરભર્યો સ્વીકાર થયો.

'અણુબોંબ નહિ બનાવવાના નિર્ધાર પાછળ એ તત્ત્વ છે.'

જરથોસ્તી ધર્મે પોતાના માજદયસ્ની ધર્મસ્તુતિમાં સ્પષ્ટ બતાવ્યું છે : આ ધર્મ શસ્ત્રોને છોડાવનારો છે. સદ્ગત દાદાભાઈ નવરોજજીએ જે કોંગ્રેસ (રાષ્ટ્રીય મહાસભા)નો પાયો નાખેલો તેમાં 'શાંતિમય અને બંધારણીય રીતે ઝઘડાઓ પતાવવાની વાત' તેના બંધારણમાં મુકાઈ છે. એ એનું જીવંત પ્રમાણ છે. અલબત્ત ચીન અને પાકિસ્તાન જેવાં પડોશી રાષ્ટ્રોના લશ્કરી દબાણોને કારણે ભારત બધાં હથિયારો છોડવવાની કે ઓછાં કરવાની વિશ્વમાર્ગદર્શક પહેલ કરી શક્યું નથી એ સાચું. વળી હવે અણુબોંબ પણ ભારતે બનાવવો જોઈએ એવો અવાજ ઊઠ્યો છે. પરંતુ આનું કારણ તો આપણે અગાઉ જોઈ ગયા તેમ સત્તા દ્વારા સમાજ પરિવર્તનના જગવ્યાપી પ્રવાહમાં ભારત તણાયું છે અને ધર્મધુરંધરો સત્ય અહિંસાના ગાંધી પ્રયોગોની

તૈયાર ભૂમિકા છતાં પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠાને હોડમાં મૂકી આગળ વધવા અને કોંગ્રેસને સત્તા દ્વારા સમાજ-પરિવર્તનના અવળી ક્રાંતિના માર્ગથી તેને પાછી વાળવા તત્પર થઈ શક્યા નથી. તે મુખ્ય કારણ છે. એટલે જ સર્વધર્મ ઉપાસનાના કાર્યક્રમને મહત્ત્વ આપવાની વાત મોખરે આવે છે.

## જૈન ધર્મનો મૂળ સિદ્ધાંત

આ દૃષ્ટિએ જૈનધર્મના મૂળ સિદ્ધાંત અહિંસાની ઝીણવટને અગ્રસ્થાન આપવા લલચાઈએ છીએ. અલબત્ત આજના મોટા ભાગનાં જૈનોમાં નથી ગાંધી પ્રયોગોની કદર, નથી તપનું સામુદાયિક અનુસંધાન ગૌરવ કે નથી વિશ્વવિશાળ દૃષ્ટિકોણ. પણ જો આપણે જૈનધર્મનો 'અહિંસા પરમોધર્મ'વાળો ઠોસ વિચાર અને તેણે ભજવેલી ઐતિહાસિક ભૂમિકાનો સંદર્ભ લઈને ચાલીશું તો એમ માન્યા વિના ચાલતું નથી. ભારતે પણ એટલે કે ભારતના મુખ્ય વૈદિકધર્મે પણ લોકમાન્ય ટિળક જણાવે છે તેમ જૈનધર્મના એ મૂળ સિદ્ધાંતને મહત્તા આપી છે.

જે વેદધર્મ યજ્ઞયાગાદિ નિમિત્તની, પશુવધવિધિને ક્ષમ્ય ગણતો એ જ વેદધર્મે 'અહિંસા પરમોધર્મ'ની વાત અપનાવી લીધી અને અગાઉ કહ્યું તેમ ગીતા જેવા વિશ્વગ્રંથમાં સાંખ્યયોગૌ પૃથ્ગ્બાલા પ્રવદન્તિ ન પંડિતાઃ' એમ કહી અનેકાંતવાદને આત્મસાત કરી લીધો. એ સ્પષ્ટ બતાવે છે કે હિંદુધર્મે કમાલ કરી છે. આવા નિષ્ઠાવાન હિંદુ વર્તમાન યુગમાં ગાંધીજી સદ્ભાગ્યે વેદધર્મના ભક્તિપ્રધાન એવા વૈષ્ણવ ફિરકામાં જન્મ પામ્યા. અને જગતને બતાવી આપ્યું કે જન્મજાત ધર્મમાં રહીને પણ પોતાના જન્મજાત ધર્મમાં પાછળથી પેઠેલી વિકૃતિઓ દૂર

રાખી શકાય છે અને જન્મજાત ધર્મ સિવાયના જગતના બધા ધર્મોમાંનું મૂળ સત્ય લક્ષ્યમાં રાખી તથા વ્યવહારુ સાપેક્ષ સત્યો પોતાના તથા પોતાને અનુસરતા લોકોના જીવનમાં દાખલ કરાવી શકાય છે. આ જ સર્વધર્મ-સમભાવ કે સર્વધર્મસમન્વય આપણને સર્વધર્મ ઉપાસનાના સામુદાયિક આચરણ ભણી પ્રેરી જાય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસે વ્યક્તિગત રીતે એવું સક્રિય આચરણ પોતાના જીવનમાં આચરેલું, તેવું જ આચરણ હવે સામુદાયિકરૂપે લાવવાની વેળા પાકી છે. એટલે ચાર તબક્કાઓનો વિચાર સામુદાયિક રીતે ક્રમશઃ લાવી શકીશું.

**ધર્મલક્ષીનીતિ** આને સારુ પહેલી વાત ધર્મલક્ષીનીતિની લેવી જોઈશે. આજે મોટાભાગના લોકો પોતપોતાના દેશની કે સમાજની નીતિ તો અપનાવે છે જ. દા.ત., લેંકેશાયરની મિલો વાર-માપમાં નીતિ જરૂર પાળશે, પણ બીજા દેશના લોકોના સ્થાનિક ધંધાઓ તોડવાની ધર્મલક્ષી નીતિમાં દેવાળું ફૂંકશે. ગાંધીજીએ ભારતને આઝાદ કરવામાં સ્વદેશીવ્રતને આગળ એ દૃષ્ટિએ જ કરેલું. જાપાને યુદ્ધ વખતે કહેવાય છે કે પ્રજાશીલ કરતાં રાષ્ટ્રનીતિને વધુ મહત્ત્વ આપેલું તેથી પત્ની થઈને પણ વિદેશી પતિની જાસૂસી કરનાર જાપાની સ્ત્રીઓ પાકેલી. દાખલાઓ આપણે એટલા માટે જ ટાંકીએ છીએ કે ધર્મલક્ષી નીતિ હોય તો કોઈપણ પ્રજાનું શોષણ કે ધર્મશીલભંગપણું કોઈ દેશ કરી શકે નહિ. ભારતમાં ગાંધીજીની રાહબરી તળે આ બાબતમાં મોખરે રહી શક્યું છે. એનો અર્થ હરગીઝ નથી કે વ્યક્તિગત દુર્બળતાઓ આ દેશમાં ઓછી છે. કદાચ વ્યક્તિગત નબળાઈઓ દુનિયાના યુરોપ, બ્રિટન, જાપાન કે બીજા કોઈપણ

દેશ કરતાં વધારે આ દેશમાં સંભળાય છે. પરંતુ હા, જો ધર્મજીવી નેતાગીરી મળે, તો તે નબળાઈઓ દૂર થઈ શકે તેમ છે. કારણ કે રાષ્ટ્રના વિશાળ સામુદાયિક ફલક પર ધર્મલક્ષી નીતિનું ગૌરવ હજુ ટકી રહ્યું છે.

## ધર્મલક્ષી નીતિના ત્રણ અંગો

ધર્મલક્ષી નીતિમાં આપણે મુખ્ય ત્રણ અંગો લઈશું. (૧) દુનિયામાં યુદ્ધ અને હથિયાર ઉમેરો એ માનવજાતના કટ્ટર શત્રુઓ છે, એનો સામુદાયિક અમલ કરવો અને કરાવવો. (૨) મકાનોના ભાડા ઉપર કે વ્યાજ પર વિશાળ કુટુંબોની આજીવિકાઓ ચલાવ્યા કરવી, તે બરાબર નથી. માટે ક્રમશઃ એ ઘટાડવાનો પ્રયત્ન કરવો અને કરાવવો. (૩) સામુદાયિક પ્રાર્થના દ્વારા વ્યાપક ઈશ્વરનિષ્ઠા વધારવી અને સામાજિક શીલનો મહિમા જાતે આચરવો અને બીજાઓને આચરાવવો.

આને સારુ આપણે જરથોસ્તી ધર્મ, ઈસ્લામ ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો ઊંડો અભ્યાસ અને તેનો ઉપર્યુક્ત અમલ કરવો-કરાવવો પડે તેમ હોઈ આપણે તેને લગતાં ઉદાહરણો ટૂંકમાં તે તે ધર્મનાં અહીં તપાસી લઈએ. તે પહેલાં એક અત્યંત અગત્યનો પ્રશ્ન સંક્ષેપમાં જલદી વિચારવા જેવો હોઈ, પ્રથમ એનો જવાબ જોઈ લઈએ.

## અત્યંત અગત્યનો પ્રશ્ન

ભલા, સંપ્રદાયની રીતે વિકસેલા કે સંશોધાયેલા મુખ્ય ધર્મો આપણે લઈએ છીએ અને એ રીતે મોટા (સંખ્યા દષ્ટિએ) ચાર અને નાના બે (જરથોસ્તી અને જૈન) લઈએ છીએ. તો એમાં બીજા જૂના અને યહુદી જેવા ધર્મને કે નીગ્રો જાતિની

માન્યતાઓ અને રિવાજો (કારણ કે જ્યાં ધર્મ સંપ્રદાયની રીતે ખીલ્યો જ નથી, તો તેઓને કેમ નથી લેતા ? દા.ત., ચીનનો 'તાઓ' ધર્મ, જાપાનનો 'સિન્તો' ધર્મ અને બોબિલોનિયન, એસીરિયા તથા ઈજિપ્તના પ્રાચીન આચારો કાં નથી લેતા ? તે જ રીતે ગ્રીસના દાર્શનિકો દા.ત.,સોક્રેટીસ આદિ તથા ભારતના ચાર્વાક વગેરે ૬ દર્શનોને કેમ નથી લેતા ?

દર્શનો, વાદો, તત્ત્વચર્ચાઓનો માનવના વ્યક્તિગત અને સમાજગત તેમજ સમષ્ટિગત મોટો ફાળો છે. પણ જ્યારે આપણે સત્ય-અહિંસાના વ્યક્તિગત અને સમુદાયગત પ્રયોગો એક સંસ્થામાં નાખવા માગતા હોઈએ તો ચોક્કસપણે વિકસેલા અને સંશોધાયેલા મુખ્ય સાંપ્રદાયિક ધર્મોને લેવા પડશે આમ તો એક એક સાંપ્રદાયિક ધર્મમાં પણ પેટા ભેદો અનેક હોય છે. તે પેટા ભેદો નથી લેતા. યહુદી ધર્મમાં વિકાસ અને સંશોધન ઉમેરીએ તો યહુદી ધર્મનો સમાવેશ ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામ ધર્મમાં થઈ જતો હોઈ તેને નોખું મહત્ત્વ આપીએ નહિ તો ચાલી શકે તેમ છે. એ જ રીતે વેદમાં રામ અને કૃષ્ણ બે મુખ્ય ભેદો સંશોધાઈ વિકસીને સ્પષ્ટ પડેલા હોઈ, તે બંનેય સાંપ્રદાયિક ધર્મોને લેવા પડે છે. હા, શૈવ સંપ્રદાય અલગ નહિ લઈએ તો ચાલી શકશે. કારણ કે મૂળે શિવ આર્યેતર દેવ હોવા છતાં રામમાં એવા તો વિલીન થઈ ગયા છે કે ઠેર ઠેર શિવમંદિરો ગામ બહાર હોય તોયે સામુદાયિક વ્યાપક ઉપાસના તો રામમંદિરની ચાલે છે, છતાં મુખ્ય ઉપાસના રામ, કૃષ્ણ અને સંતો-ભક્તોની ઘેર ઘેર ચાલે છે.

એ વાત બિલકુલ સાચી છે કે સાંપ્રદાયિક ધર્મનું નામ

લીધા વિના વ્યક્તિગત જીવનમાં સત્ય-અહિંસા વણી લેવાય અથવા મોટા સમૂહમાં પ્રયોગો કરવાની જરૂર ઊભી થાય તોપણ સાંપ્રદાયિક ધર્મનું નામ લીધા વિના કરવાથી શું ન ચાલે ?

વાત તો સાચી છે કે સાંપ્રદાયિક ધર્મોમાંની વિકૃતિઓ અને ખાસ કરીને ઝનૂનોએ એવી નફરત પેદા કરી છે કે ખુદ ધર્મપ્રધાન હોવા છતાં ભારતના રાજ્યતંત્રે 'સેક્યુલર સ્ટેટ' તરીકે બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર તરીકે પોતાને જગમશહૂર કર્યું છે. પરંતુ માનવને ક્ષણ પણ જે ધર્મ વિના નથી ચાલી શકે, તેમ તે ધર્મ વગર માનવજાતને ચાલવાનું જ નથી. એટલે પાકિસ્તાન જેવો ભારત પ્રજાભાગ રાજ્યક્ષેત્રે અળગો પડ્યો તે રાજકીય રીતે ભલે સેંકડો વર્ષ સુધી ચલાવાય. પણ ધાર્મિક રીતે ભારત આગળ ધપ્યા વિના કેમ રહી શકે ? માટે કાશ્મીરની પ્રજા તરફ ભારતની પ્રજા એક દિલ બની ધરપત રાખી બેઠી છે.

ધાર્મિક માનવોના સરવાળાથી સમાજની રગેરગમાં ધાર્મિકતા આવી જતી નથી. અને સંસ્કૃતિ તો સમાજની રગેરગમાં ધાર્મિકતા વણાય ત્યારે જ સ્થાપિત થાય છે. આ જ દૃષ્ટિએ સમાજ કરતાં પણ સમાજ મૂલ્યસ્થાપનની કીંમત મહત્ત્વની અને અગત્યની છે. ધર્મના સંસ્થાપક જે મહાપુરુષો થયા, તેઓએ અંગત જીવનમાં અને એવું જ સમાજ જીવનમાં તાણાવાણાની જેમ ઓતપ્રોત થનારું સંસ્કૃતિકાર્ય કરાવ્યું છે, તેથી તે દૃષ્ટિએ જ સાંપ્રદાયિકધર્મોનું મૂલ્ય અગત્યનું અને મહત્ત્વનું છે. આ નજરે ચકાસવાથી ભારતમાં સાંપ્રદાયિકધર્મોનું સ્થાપન, વિકાસ અને સંશોધન થયું છે તેવું ક્યાંય નથી થયું, તે ચોખ્ખું દેખાશે. એથી જ આ આખા દેશની સમગ્ર પ્રજા સંસ્થાકાર્ય રીતે જ

ઘડાયેલી હોઈ ભારતીય પ્રજાની રગેરગમાં-નસેનસમાં ધર્મ વણાયો છે.

## ભારતીય સંસ્કૃતિ

આ દૃષ્ટિએ જ ભારતીય સંસ્કૃતિ જગતની બધી સભ્યતાઓ તથા બધી સંસ્કૃતિઓથી વિશિષ્ટતાયુક્ત સિદ્ધ થાય છે. સાદો દાખલો લઈએ તો આખુંયે **ભારત એટલે વિકસાયમાન લોકશાહી રાજ્યક્ષેત્રે અને ધર્મક્ષેત્રે ધર્મલક્ષીનીતિવાળી પ્રજા.** તેથી અહીં દયાનંદ સરસ્વતીને કાચ વાટીને પીવડાવાયો કે ગાંધીજીને એક વર્ગે ગોળીએ દીધા, પણ આખું ભારત હંમેશા આવી વ્યક્તિ કે વર્ગની નફરત જ કરતું રહ્યું છે. અહીં સમગ્ર ભારતમાં નથી સામ્યવાદ ફાવે તેમ, નથી કોમવાદ ફાવે તેમ, નથી સંસ્થાનવાદ કે મૂડીવાદ ફાવે તેમ, અથવા નથી તો લશ્કરવાદ કે વ્યક્તિગત સરમુખ્યતારી ફાવે તેમ. અહીં તો વ્યાપક ધર્મ ભાવના અને વિકસતી લોકશાહી ફાવે તેમ છે. પણ હવે સમયસર જો લોકલક્ષી લોકશાહી અને ધર્મની વ્યાસપીઠ ભારતીય રાજ્યસંસ્થા તથા ભારતીય પ્રજા સંસ્થાને નહિ મળે તો ભારત અને જગતની શાંતિ ખોવાવાની ભીતિ ઉપસ્થિત થઈ જશે. એથી જ ગાંધીજીએ વેળાસર ભારતને બંને રીતે સંસ્થા દ્વારા ઉગારી લીધું હતું. અને એમાં બંગાલનો એક પ્રકારે, મહારાષ્ટ્રનો બીજે પ્રકારે, યુ. પી. અને બિહારનો ત્રીજે પ્રકારે, તો ગુજરાતનો વળી સાવ નોખી રીતે ફાળો છે. આથી જૈનધર્મ ગુજરાત અને તે પણ ભારતના માધ્યમે અને સંસ્થાઓ દ્વારા જ વિશ્વશ્રેય શાંતિની વાતો કરાય છે. બે એકડાઓ મળવાથી કદી અગિયાર ન થાય. એક, બે કે શૂન્ય

જ બે એકડા મળવાથી તો થાય. હા, બે એકડા પરસ્પર એકમેકમાં ઓતપ્રોત થાય તો અગિયાર થઈ શકે. માટે આપણે જો અગિયાર જોઈતા હોય તો સાંપ્રદાયિક ધર્મોમાંથી સંકીર્ણ સાંપ્રદાયિકતા અને વિકૃતિઓના ભયોથી અલિપ્ત રહી જગતના મુખ્ય મુખ્ય સાંપ્રદાયિક ધર્મોની ઉપાસના સામુદાયિક ઢબે ઝટઝટ કરવી જ રહી.

હવે આપણે ધર્મલક્ષીનીતિનાં ત્રણ અંગોનો વિચાર પ્રથમ કરીને, પછી બીજી અગાઉ વર્ણવેલી ત્રણ પ્રકારોની વિચારણામાં આગળ વધીએ :

## ધર્મલક્ષીનીતિનાં ત્રણ અંગો માટે

ધર્મલક્ષીનીતિનાં ત્રણ અંગો માટે ભારતની વિશ્વલક્ષી સર્વધર્મ ઉપાસના સમિતિ વાટે આપણે ક્રમશઃ ત્રણ ધર્મોને આ રીતે લેવા પડશે.

## જરથોસ્તી ધર્મ

પાંત્રીસસો વર્ષ પહેલાં ઈરાનમાં એક મહાપુરુષ પાક્યા. તેમનું પવિત્ર નામ અષો જરથુસ્ત્ર. તેમના પિતાજીએ પોતાનો દ્રવ્યરૂપી વારસો સોંપવાનું તેમને માટે વિચાર્યું. પરંતુ તેમણે તો સાંપ્રદાયિક ધર્મના પ્રતીકરૂપે એકમાત્ર કમ્મરપટો લઈ સંતોષ માન્યો.

ઈતિહાસકારો કહે છે કે, આર્યોની જેમ એક શાખા ભારતમાં આવી, તેમ બીજી બે શાખાઓ પૈકી એક ગ્રીસમાં અને બીજી ઈરાનમાં ગયેલી.

'ઝંદાવસ્થા' એટલે કે પારસી (જરથોસ્તી) લોકોનો ધર્મગ્રંથ છે. તેની ભાષા ભારતના આર્યપ્રજાના વેદોને બિલકુલ મળતી છે. પ્રથમ માનવી સ્વર્ગ સુધીની કલ્પનાએ દેવોને યજ્ઞ કરતો.

જરથોસ્તી લોકો આકાશના સૂર્ય, ચંદ્ર, તારા તથા દરિયાને પૂજતા આવ્યા છે. અગ્નિને પોતાના ધર્મસ્થળે સતત જલતો રાખતા આવ્યા છે. પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર વર્તન જાળવવાનું અગ્નિ એક જીવતું પ્રતીક છે. તેઓ હંમેશા ઉદ્યોગી, સખાવતી અને શાંતિપ્રિય દિલદિમાગથી દેશમાં રહેનારા અને વફાદારીથી રહેનારા લોકો છે.

આથી જ તેમના માઝદયસ્નીસ્તવમાં શસ્ત્ર છોડાવનારા ધર્મને સ્થાન વાજબી રીતે અપાયું છે. તેમ એ લોકો વર્તતા આવ્યા હોય તે ધર્મમાંથી સાર લઈ શકાય : જો દુનિયાને માનવજાતે પરસ્પર દિલથી દિલ મેળવીને રહેવું હોય તો 'યુદ્ધ નહિ'ના કરાર સૌથી પહેલાં પડોશી પડોશી દેશ વચ્ચે કરવા જોઈએ, સશસ્ત્રીય યુદ્ધથી કોઈપણ દેશના ઝઘડાનો ઉકેલ ન શોધતાં તટસ્થ દેશની લવાદી કે પરસ્પરની વાટાઘાટોથી કોઈપણ દેશ દેશ વચ્ચેના મોટા નાના ઝઘડા ઉકેલી લેવા જોઈએ.

જ્યાં લગી એક દેશના માનવો બીજા દેશના માનવો સાથે વિશ્વાસપૂર્વક પરસ્પર જીવતા ન થાય ત્યાં લગી બધું અધૂરું.

## ઈસ્લામ ધર્મ

એક દેશે અંદરો અંદર પણ ભાઈચારાની લાગણીથી વર્તવું જોઈએ. એ બાબતમાં 'ગુલામો ઈશ્વરના ભક્ત છે. તેઓને ગુલામીના બંધનથી મુક્ત કરવા જેવું બીજું કોઈ ઉત્તમ પગલું નથી. વ્યાજ ન લો. ઈમાનદારીથી વર્તો. આવા શબ્દો આજના માનવસમાજને ધર્મલક્ષીનીતિના અંગ તરીકે ખૂબ ઉપયોગી છે.

હજરત મહમ્મદ સાહેબે પોતાની જિંદગીને છેડે માંદગીને બિછાનેથી જાહેરાત કરી.

'કોઈનું મારા પર કશું લેણું હોય તો માગી લો.'

એક માણસે અમુક દીનારનું લેણું માગ્યું તે આપી દીધું. ત્યાં એક જણ આવ્યો અને બોલ્યો :

'મને આપે ચાબૂક મારેલો. તેનું મારું લેણું છે.' પથારીમાંથી બેઠા થઈ પયગંબર સાહેબે કહ્યું :

'લે આ ચાબૂક, તું મારીને તારું લેણું લઈ લે.' આ સમયે તો તે પયગંબરના હજારો બલકે લાખો ચરણ ચુંબનારા અનુયાયીઓ હતા. છતાં લેણું આપવું એટલે આપવું જ. અનુયાયીઓ ચોંકી ઊઠે તે સ્વાભાવિક હતું.

અધૂરામાં પૂરું પેલો લેણદાર બોલ્યો :

આપે મને ચાબૂક મારેલો ત્યારે હું ઉઘાડે ડીલે (શરીરે) હતો, જ્યારે આપના શરીર ઉપર તો પહેરણ છે.

પયગંબર સાહેબે કશી દલીલ વગર પહેરણ કાઢી નાખ્યું. તરત સૌના આશ્ચર્ય વચ્ચે શરીર પરના પયગંબરી સૂચક કુદરતી ચિહ્ન પાસે જઈ પેલા લેણદારે ચાબૂક મારવાને બદલે પ્રેમપૂર્વક ચૂમી લઈ લીધી. અને ચોમેર આનંદ પ્રસરી ગયો.

નીતિની આવી ખેવનાનો વારસો ઈસ્લામી સમાજમાં ઠીક જળવાયો છે.

મારા ગૃહસ્થાશ્રમી જીવનના છેલ્લાની અગાઉના શેઠ ઈસ્લામી હતા. તેમના પિતાજીને મેં ત્યાં નોકરી કરતાં પહેલાં જોયેલા. તેઓની શાખ એવી હતી કે 'તેઓ વ્યાજ ન લેવાનો ઈસ્લામી આચાર છેવટ સુધી બરાબર પાળતા. કોઈ દિમાગ ફરેલો ઈસ્લામી મળે તોય ગળે હાથ લગાવી સાથે ફેરવતા.'

હવે આજ નીતિને વ્યાપક અને ધર્મલક્ષી બનાવવાની છે.

## ખ્રિસ્તી ધર્મ

ખ્રિસ્તી ધર્મનું મહત્ત્વનું અંગ પ્રાર્થના તથા સેવામાં શિયળનું આવશ્યકતાનું છે.

આમ તો દરેક ધર્મમાં પ્રાર્થનાનું મહત્ત્વ છે જ. પણ ઈશ્વરનિષ્ઠાની સામુદાયિક પ્રાર્થનાનું ગૌરવ ખ્રિસ્તી ધર્મમાં વધુ જળવાયું છે અને 'ઈસુ' પોતે આજીવન બ્રહ્મચારી રહી નાનામોટાં સૌની સેવા બજાવતા રહ્યા. આ બંને વાતો ધર્મલક્ષીનીતિના ત્રીજા અંગરૂપે અગત્યની છે.

'...ગરીબો ! આનંદ પામો, દેવોનું રાજ્ય તમારે માટે છે. કદાચ સોયના નાકામાંથી સો ઊંટો પસાર થશે, પણ ધનિકોને સ્વર્ગ નહિ મળે. તું તારો પરસેવો વાળી રોટલો ખાજે, તું તારા પડોશીની ભૂલ માટે માફી માગી પછી જ પ્રાર્થના સભામાં પ્રવેશજે. તારા ડાબા ગાલ પર કોઈ તમાચો મારે તો જમણો ધરજે. તારી પાસે કોઈ પહેરણ માગે તો તું પહેરણ દેજે જ, સાથોસાથ કોટ પણ દઈ દેજે...'

આવાં આવાં ઈસુ ઉપદેશનાં વાક્યોમાં નીતિનાં અનેક સુંદર અને ચમકદાર પાસાંઓ મળે છે. પણ આપણે માત્ર ઈસુનો ઉપદેશ નહિ, પણ એમના અનુયાયીઓમાં જે નીતિનાં પાસાં વિકસેલાં અને સંશોધાયેલાં જોઈએ છીએ તે રીતે પ્રાર્થના અને સેવા માટે અવિવાહિતપણું એ ધર્મલક્ષીનીતિ માટે જરૂરી ગણાય.

પ્રાર્થનાથી એક ઈશ્વરના સર્વશ્રેષ્ઠ સંતાન તરીકે માનવો માનવો વચ્ચેની એકતામાં મોટી મદદ મળે છે.

સમાજમાં જો નારીમાત્રને પોતાને શિયળ માટેની નચિંતતા મળી જાય તો નરપૂરક નારી અનેક સદ્દગુણોના લાભ સમાજના

ધર્મકાન્તિ-અથવા અહિંસક ક્રાંતિના કામોમાં અનાયાસે મળી જાય. જે ખૂબ જરૂરી છે.

જો વટાળવૃત્તિનું તત્ત્વ બાદ થઈ જાય તો આજ પણ ખ્રિસ્તી સેવક-સેવિકાઓની જનસેવા નોંધપાત્ર છે. અને જો ધર્મલક્ષી નીતિનું અંગ-પ્રાર્થના અને શિયળયુક્ત સેવા બની જાય તો જગતમાં ખ્રિસ્તીધર્મના સામુદાયિક આચરણનો જયજયકાર થઈ જાય.

આમ નીતિ-ધર્મલક્ષીનીતિ માટે (૧) શસ્ત્ર ત્યાગ, (૨) વ્યાજ ત્યાગ-ઈમાનદારી અને (૩) પ્રાર્થના અને શિયળ યુક્ત માનવ સેવા.

આ રીતે ધર્મની સામુદાયિક ઉપાસનામાં જે મુખ્ય નીતિનાં અંગો ભારતીય પ્રજા માટે જરૂરી છે તે આ ત્રણ ધર્મોમાંથી મળી રહે છે. મુંબઈની છેલ્લી વિશ્વ ખ્રિસ્તી પરિષદમાં માનનીય શ્રી પોપે કહેલું તે મુજબ ખ્રિસ્તીઓ માટે જ નહિ, ઈસ્લામીઓ તથા જરસ્થોસ્તીઓ માટે પણ વૈદિક ધર્મમાંથી શીખવું જરૂરી છે. અને વૈદિક ધર્મે ઉપલા ત્રણે ધર્મોમાંથી નીતિતત્ત્વો શીખવાં જરૂરી છે.

❑

# સક્રિય અધ્યાત્મલક્ષી ધર્મ માટે

## રામાયણ અને મહાભારત

ધર્મનું પ્રથમ લક્ષણ છે : 'દુર્ગતિમાં પડતાં અટકાવવું તે.' એ લક્ષણો હિંદ બહારના ઉપલા ત્રણ ધર્મોમાંથી લેવાયાં તે જ રીતે રામાયણમાંથી સ્નેહ સભર કુટુંબજીવન લેવા જેવું છે.

## શ્રીરામ અને શ્રીકૃષ્ણ

શ્રીરામને ગુરુ વશિષ્ઠ મળ્યા અને એમાંથી યોગવાશિષ્ઠ ગ્રંથ લાધ્યો. કૈકયી માતાએ જે બે વરદાનો માગ્યાં, તે અંગે યુગપુરુષ રામે સાનુકૂળ વલણ લીધું તો કુટુંબમાં જે કંઈ કલેશ હતો તે શમી ગયો. અને આનંદ આનંદ થઈ ગયો.

દશરથ મહારાજાનું રામ વિરહે આકસ્મિક અવસાન થયું, તોય રામે ચૌદ વર્ષના વનવાસનું વચન ન તોડ, તે ન જ તોડ્યું. એટલું જ નહિ પણ સીતા પર જુલ્મ ગુજારતા રાવણ સામે અન્યાય પ્રતીકાર કરનાર જટાયુ ગીધનું શ્રાદ્ધ કર્યું. આનું નામ છે સક્રિય અધ્યાત્મ.

તેમણે કિષ્કિંધાના રાજા વાલીની ભોગાધીનતાને લીધે થતી સંસ્કૃતિક્ષતિને નિવારી, પણ રાજ્ય તો વાલીના નાના ભાઈ સુગ્રીવને જ સોંપ્યું. એ જ રીતે લંકાની સરમુખત્યારીને કાપી, પરંતુ વિભીષણને રાજ્ય સોંપી ન્યાયનીતિનું ગૌરવ સ્થાપ્યું.

યુગપુરુષ રામે સંસ્કૃતિપ્રચાર કિષ્કિંધા અને લંકામાં કર્યો. કારણ કે તેમને મન આ પોતીકું અને આ પારકું તેવું નહોતું. આનું નામ સક્રિય અધ્યાત્મ.

'अयं निजः परो वेति, गणना लघुचेतसाम् ।
उदारचरितानाम् तु, वसुधैव कुटुंबं' ।।

જ્યાં પ્રાણી માત્ર પર સક્રિય આત્મીયતા થઈ ત્યાં સક્રિય અધ્યાત્મમય ધર્મ બન્યો જ સમજવો.

•

એક બાજુ દુનિયાને કુટુંબભાવથી જોવામાં 'સક્રિય અધ્યાત્મ' તો બીજી બાજુ દેશના માનવોમાં પછાત અને આગળ એવા બે ભાગલા હતા તે દૂર કરવાની તેમ જ નારી અવહેલનાને દૂર કરવાની વાતનું 'સક્રિય અધ્યાત્મ' છે. યુગપુરુષ શ્રીકૃષ્ણે જાતે ગોપાલન કર્યું. ગાયનાં દૂધ અને માખણ ઘીને મહત્ત્વ આપ્યું. એમ પછાત ધંધાની અને પછાત લોકોની પ્રતિષ્ઠા કરી. તે જ રીતે ગોપીઓને અધિકાધિક ગૌરવ આપ્યું. પરિણામે ભાગવત જેવો ઉત્તમ ગ્રંથ રચાયો. આ થઈ 'સક્રિય અધ્યાત્મ'ની વાત. જેમ વૈદિક ધર્મમાં રામ અને કૃષ્ણ મુખ્ય યુગ પુરુષો થયા. પાછળથી ભગવાન બુદ્ધનેય તેણે સ્વીકારી લીધા. જૈનધર્મ અને વૈદિકધર્મ પણ પરસ્પરનું સ્વત્વ જાળવી ઓતપ્રોત થયા તેમ આર્યેતરોનો સંપર્ક થતાં શિવજીને પણ વૈદિક ધર્મે સ્વીકારી લીધા. જો કે ક્ષત્રિયોએ સવિશેષે તેથી નિરામિષાહારાદિ અહિંસાના આગ્રહને કારણે વૈષ્ણવ અને શૈવ વચ્ચે સંઘર્ષ ચાલ્યો. પણ અંતે જૈન ધર્મનાં અનેકાંતવાદ અને સૂક્ષ્મ અહિંસાનો વિજય થયો. તે માટે મહિમ્નસ્તોત્રમાં 'નૃણામેકો ગમ્યઃ ત્વમસિપયસા મર્ણવઈવ'ના શબ્દો જ્વલંત પ્રમાણ પૂરું પાડે છે.

### વિશ્વવાત્સલ્યલક્ષી અધ્યાત્મ

પ્રાથમિક ધર્મમાં 'દુર્ગતિમાં પડતાં અટકાવનાર' ધર્મની જ વાત કરી પણ માધ્યમિક ધર્મમાં 'આ જગતમાં અને પૂર્વજન્મ તથા પુનર્જન્મમાં માનવાનું આવે છે. એથી જ 'યતોભ્યુદયનિઃશ્રેયસી સ ધર્મ' એવી વ્યાખ્યા અપાઈ છે.

ભૌતિક આબાદીની સાથે આધ્યાત્મિક આબાદીને સાંકળવી જોઈએ. તે જ રીતે વ્યક્તિ વિકાસ સાથે સમાજ વિકાસ અને સમષ્ટિ વિકાસ સંકળાવાં જોઈએ. આપણે એ પણ જોઈ ગયા કે માનવસમાજનો વ્યવસ્થિત અને તાણાવાણા જેવો પારસ્પરિક વિકાસ મૌલિક ધર્મ સંપ્રદાયોથી થયો છે અને થઈ શકે છે. પણ હવેના એ મૌલિક ધર્મ સંપ્રદાયો પરસ્પર અનુબંધિત હશે. એટલે જ આપણે સર્વધર્મ ઉપાસના મંદિરોની ઠેર ઠેર જરૂરિયાત સ્વીકારીએ છીએ. આંતરરાષ્ટ્રીય ધર્મો નીતિની બાબતમાં અને વૈદિકધર્મની બાબતમાં ઘણી મોટી મદદ પહોંચાડે છે. આ ધર્મ એક અર્થમાં વર્ણાશ્રમ ધર્મ છે. અને તેના નિરૂપક શ્રી મનુમહારાજ છે. પણ આટલેથી પતતું નથી. હજુ આગળ જવાનું છે. જૈનધર્મ પ્રયોગપૂર્વક અને ક્રમશઃ ઉચ્ચતાના શિખરે લઈ જાય છે. પણ આખરે તો સંપ્રદાયગત ધર્મને ક્યાંક ને ક્યાંક મર્યાદા આવી જાય છે. એટલે છેવટે જૈનધર્મે સંપ્રદાયોથી પણ ઊંચે ઊઠવું પડશે. આનંદઘનજી મહારાજે આથી જ કદાચ સંપ્રદાય છોડેલો અને છતાં ધર્મપ્રાણ લોંકાશાહે અને તેમણે જન્મગત સંપ્રદાય છોડવા છતાં સંપ્રદાય સંબંધ ચાલુ જ રાખ્યા. આનંદઘનજી મહારાજ કહે છે :

'જૈન સંપ્રદાયના ધર્મોને માથાની ઉપમા જરૂર આપી શકાય, પણ પ્રાણો વિનાનું માથું શબ અને બાળવા યોગ્ય બની શકે છે, તેમ કષાય મુક્તિ વિનાના જૈન સંપ્રદાયો પણ શબતુલ્ય બને છે.' કુંદકુંદાચાર્યે જેમ પોતાના યુગે ક્રાંતિકારી ધર્મ વિચારો આપ્યા તેમ શ્રીમદ્ રાજચંદ્ર જેવા મહાત્મા ગાંધીના માર્ગદર્શક મહાપુરુષે પણ ક્રાંતિકારી ધર્મ વિચારો જરૂર સુંદર ઢબે આપ્યા.

## બૌદ્ધધર્મનો સેતુ

વૈદિક ધર્મ સાથે જૈન ધર્મને સાંકળવામાં બૌદ્ધધર્મ સેતુરૂપ છે. કારણ કે વૈદિક ધર્મે 'ગૃહસ્થાશ્રમ ધર્મ'નું મહત્ત્વ કબૂલાવ્યું. રામ અને કૃષ્ણ યુગપુરુષ ગણાયા હતા. તેને લીધે એકપત્નીવ્રત તથા અનાસક્તિને જોર જરૂર મળ્યું પણ આમજનતા આચરી શકે એવાં બ્રહ્મચર્ય અને અપરિગ્રહને જોર મળ્યું બૌદ્ધધર્મને લીધે. આથી અહિંસાને સર્વક્ષેત્રે પાંગરવાને સારો મોકો મળી ગયો. યજ્ઞમાં જે પશુવધ વિધેયાત્મક બનેલો તે પશુવધ બંધ થઈ વૈદિક ધર્મમાં આત્મવત્ સર્વભૂતેષુ અને 'વસુધૈવ કુટુંબકં' સૂત્રો સ્વીકારાઈ ગયાં. આટલી જૈન ધર્મ વૈદિક ધર્મ વચ્ચેની આત્મીયતામાં બૌદ્ધધર્મનો મુખ્ય ફાળો છે જ.

## આંતરરાષ્ટ્રીય બૌદ્ધધર્મ

અલબત્ત જ્યારથી સવિશેષે બૌદ્ધધર્મ આંતરરાષ્ટ્રીય બન્યો ત્યારથી અહિંસા, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય ભાવનાની તેમાં ભારે ઓટ આવી. તેમાં પણ તાંત્રિક ક્રિયાઓ અને માંસાહાર વગેરે દાખલ થઈ ગયાં. હા, તેને વ્યાપકતા ખૂબ મળી. જેથી આજના યુગે જ્યારે હિંદુધર્મને વ્યાપક બનાવવાની વેળા આવી તેમાં બૌદ્ધધર્મની આ મળેલી વ્યાપકતા અનેરો હિસ્સો આપી જશે.

## બૌદ્ધધર્મીય ઉદાહરણ

જ્યારે ખુદ ભગવાન બુદ્ધ રોગ, જરા (ઘડપણ) અને મૃત્યુનાં દૃશ્યોથી વૈરાગ્ય પામી અતિ તપ તરફ વળે છે, ત્યારે એક વારાંગનાના પોતાના વાજિંત્રવાદીઓને ઉદ્દેશીને નીચેના શબ્દો બુદ્ધદેવને મધ્યમ માર્ગ તરફ અનાયાસે ખેંચી જાય છે. 'તારને ન ઢીલા મૂકશો કે ન તંગ કરશો.' આ એક દૃષ્ટિએ આકર્ષક

વસ્તુ છે. પણ આંતરરાષ્ટ્રીય બૌદ્ધધર્મે તંગપણું છોડ્યા પછી ઘણી ઢીલાશ વધારી મૂકી તે હકીકત ધ્યાનમાં લેવી પડે છે.

કલિંગના યુદ્ધ હત્યાકાંડ પછી રાજવી અશોકે 'તલવારને છેલ્લી સલામ કરી લીધી.' તે રૂડું થયું પણ પ્રચાર ઝુંબેશમાં તણાઈ સર્વક્ષેત્રીય શુદ્ધિની શિથિલતાને પણ તેમાં માર્ગ મળી ગયો તે ખોટું થયું. બાકી આજે પણ સાધ્વી શુભા અને સાધુ પૂર્ણ જેવાં ઉદાહરણો વૈદિક ધર્મ અને જૈન ધર્મ સંપ્રદાયો વચ્ચે પુલ પૂરો પાડે છે.

સાધુ પૂર્ણે જ્યારે સુમેરુપરાંત જેવા અનાર્ય પ્રદેશમાં જવા ઇછ્યું ત્યારે તેમને કહેવાયેલું : 'અપમાન, ગાળ, માર, તીક્ષ્ણ હથિયારોનો ત્રાસ અને છેવટે મોત' સહેવું પડશે પણ સાધુ પૂર્ણે સાફ કહ્યું : 'મારો આત્મા અજર અમર છે. તે આનાથી બગડશે નહિ.' એટલે અનુજ્ઞા મળી ગઈ. એક સાધુએ એક બ્રાહ્મણ પંડિતને ત્યાં દિવસો અને મહિનાઓ સુધી ભિક્ષા ન મળવા છતાં જવાનું ચાલુ રાખ્યું. અંતે પહેલાં પંડિતાણીનું હૈયું પીગળ્યું અને છેવટે પંડિતજીનું પણ હૈયું પીગળ્યું. આ ઉદાહરણ અહિંસાના નૈતિક દબાણના અખૂટ ધૈર્યભર્યા પ્રયોગોથી હૃદય પરિવર્તનની શક્યતાની પ્રતીતિ કરે છે.

શુભાભિક્ષુણી રૂપરૂપના અંબાર જેવી હતી. જંગલમાં તેની સામે એક કામી મળ્યો. તે તેની સામે તાકી રહ્યો. શુભા એકલી હતી છતાં હિંમત ન હારી. ઊભી રહી. પૂછ્યું :

'તું શું જુએ છે ?' પેલા કામલોલુપીએ નફટાઈભર્યો ઉત્તર આપ્યો : 'તારી કામણગારી આંખ જોઉં છું.' કશી જ વાટ જોયા વગર પોતાના વધેલા તીક્ષ્ણ હાથના નખથી પોતાનો

ડોળો શુભાએ કાઢી હાથમાં મૂક્યો. લોહીની ધારાઓ અને મહાવેદનાથી અણનમ એ સાધ્વીને ચરણે કામી ઢળી પડ્યો, અને આંસુનો અભિષેક કર્યો. અહિંસામાં રહેલી પરમ શક્તિનો આ મહા સાધ્વીએ પરચો કબૂલાવ્યો.

'વિશ્વવાત્સલ્યલક્ષી સક્રિય અધ્યાત્મનો માર્ગ આવો છે.'

## જૈનધર્મ અને ગીતાના યોગો

અહીં હવે આવે છે ચોથી વાત. જે આપણને ગીતાના કર્મકૌશલયોગ તરફ તેમજ જૈનધર્મની ચારિત્ર્યરૂપી વાત્સલ્યગંગાથી ફલિત થતી કષાયમુક્તિ તરફ દોરી જાય છે.

## કષાયમુક્તિલક્ષી વિશ્વવાત્સલ્ય

હવે આપણે ધર્મની ઉત્તમ અને સર્વોત્તમ વ્યાખ્યા લગી પહોંચી ગયા : ગીતા કહે છે : 'સ્વભાવોઽધ્યાત્મમુચ્યતે.' આપણા પોતાના ભાવને વળગવું તેનું જ નામ અધ્યાત્મ. આપણો પોતાનો ભાવ એટલે શુદ્ધ આત્મભાવ. એ જ રીતે જૈનસૂત્રો કહે છે : 'વત્થુસહાવો ધમ્મો' એટલે કે જે વસ્તુનો જે સ્વભાવ, તે જ તેનો ધર્મ.

આમ તો ગીતા એ વિશ્વમાન્ય ગ્રંથ છે અને તેનો આત્મા જૈનધર્મી છે. કારણ કે એકાંતવાદ અને ઝીણવટભરી અહિંસાની છણાવટ એમાં મુખ્યપણે છે. છતાં મુખ્ય પાત્ર તો ગૃહસ્થાશ્રમી જ છે. બૌદ્ધ ધર્મે મુખ્ય પાત્ર સંન્યાસી ગણ્યું છે. કારણકે ગૃહસ્થાશ્રમીઓને કાંઈક ને કાંઈક વળગાડ હોય જ છે. બ્રાહ્મણો અને ઋષિમુનિઓ જેવા ત્યાગીઓ પણ ગૃહસ્થાશ્રમી હોવાને કારણે તેમની મર્યાદાઓ આવી ગયેલી.

## ગૃહસ્થાશ્રમીઓની મર્યાદાઓ

એ મર્યાદાઓને કારણે જ દ્રોણાચાર્ય અને કૃપાચાર્ય મહાભારતમાં અર્થદાસ બની ગયા હતા. હવે જો બ્રાહ્મણ જેવા ત્યાગી વીરો પણ માત્ર ગૃહસ્થાશ્રમી જીવનમાં રહેવાને કારણે જ જો આ સ્થિતિમાં મુકાયા હોય તો સમગ્ર જિંદગીની જરૂરિયાતો, જાળવણી અને તેને લીધે ઊભી થયેલી પ્રતિષ્ઠા હોમાતી હોય તેવી સંન્યાસી જિંદગી કાં ન પસંદ કરવી ? એટલા માટે જ ગીતાએ પણ સંન્યાસ જીવનને મહત્તા આપી, અલબત્ત 'કામ્યકર્મોનો ત્યાગ' એવી સંન્યાસીની અનોખી વ્યાખ્યા જરૂર ગીતાએ કરી. પરંતુ આખરે તો કર્મોમાં 'કામ્ય અને અકામ્ય'ને ઓળખવાં સહેલાં નથી. એટલે સર્વસામાન્ય માનવી પણ સમજી શકે અને અનુસરી શકે તેવું પાત્ર યુગપુરુષ તરીકે જોઈએ. આ યુગપુરુષ સ્વ-પરકલ્યાણમાં પણ છેલ્લા જવાબદાર હોવા જોઈએ. તેમજ સમાજ મૂલ્યોની રક્ષામાં પણ સૌથી છેલ્લી જવાબદારી તેમની હોવી જોઈએ. આથી જ આપણે ગીતાના બંને યોગોથી થોડુંક આગળ વધવું પડે છે. શ્રીમદ્ રાજચંદ્રની નીચેની કાવ્યપંક્તિઓ યાદ કરવી પડે છે :

'દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો.'

મતલબ કે માત્ર 'ભાવસંયમ'થી નહિ ચાલે. દ્રવ્ય અને ભાવ બંને પ્રકારના સંયમો જોઈએ.

## ગાંધીજીની વિશ્વને ભેટ

સત્ય, અહિંસા અને આંતરિક અને બાહ્ય અથવા દ્રવ્ય અને ભાવસંયમની ગાંધી જીવનમાંથી વિશ્વને અનોખી ભેટ મળી. તેમણે જોયું : 'વિજ્ઞાન અને સાહિત્યની સાથે ધર્મની

ગોઠડી કરવી હોય તો રાજકારણમાં સર્વ પ્રથમ ધર્મનો પ્રભાવ ઊભો કરવો પડશે.' જવાનું હતું દુનિયામાં પણ તે ભારત દ્વારા. એટલે એમણે રામથી માંડીને આજ લગી રાજકીય ક્ષેત્રનાં લોકલક્ષી રાજ્યમૂલ્યો સાચવનાર કોંગ્રેસ (રાષ્ટ્રીય મહાસભા)માં પ્રવેશ કર્યો. એટલું જ નહિ, તેને પોતાની સત્ય અહિંસાની વ્યક્તિગત અને સામુદાયિક સાધનાથી પોતીકી કરી લીધી.

એક વખત લોકજીવન(પાક્ષિક)માં પત્રોનાં સરનામાં (ગાંધીજી પરનાં) અપાયેલાં, તેમાં કોંગ્રેસના કુલમુખત્યાર તરીકે ગાંધીજીને બતાવેલા. વાત સાચી છે. જાતે કોંગ્રેસમાંથી સૈદ્ધાંતિક આગ્રહે નીકળી ગયા પણ રાજકારણીય પુરુષોને કોંગ્રેસ સાથે જિંદગી ભર સાંકળી રાખવાનો પ્રયત્ન તેમણે કર્યો, અને જ્યારે સમાજવાદી જૂથ કોંગ્રેસમાંથી અલગ પડ્યું ત્યારે બાપુએ તેની મહાવ્યથા પ્રગટ કરેલી તે મનુબહેન ગાંધીની 'લોકસત્તા' દૈનિકમાંની ડાયરી કહી દે છે. જેની વિશ્વવાત્સલ્યમાં પણ નોંધ લીધી છે. 'ઈશ્વર પણ તમને માફ નહિ કરે' એ બાપુના ઉદ્ગારોને ધોવા પ્રજા સમાજવાદીઓ પૂર્ણ પ્રયત્ન કરે, એમ હું ઇચ્છું છું. બાપુએ જેમ કોંગ્રેસની શુદ્ધિ અને સંગીનતા માટે જિંદગીભર પ્રયત્નો કર્યા, તેમ ભાલનળકાંઠા પ્રયોગે પણ સંસ્થાઓના માધ્યમે વિવિધ રીતે તે જ પ્રયત્નો વીસ વર્ષથી જારી રાખ્યા છે.

ગાંધીજીએ જેમ કોંગ્રેસને શુદ્ધ રાજકીય સંસ્થા બનાવી તેમ શહેરમાં મજૂરક્ષેત્રે મજૂર મહાજનની પણ સામાજિક સંસ્થા બનાવી. તેમનું ગામડાંની સંસ્થાનું અધૂરું રહેલ સ્વપ્ન ભાલનળકાંઠા પ્રયોગ પૂરું કરે છે એટલું જ નહિ શહેરક્ષેત્રે પણ

જનસંગઠન અને ગ્રામ તથા શહેર (બંને) ક્ષેત્રે જનસેવક સંગઠન (અથવા ગાંધી સેવા સંઘની વિલીનતા થયા બાદ) તેનું કાર્ય પણ તે કરે છે એટલું જ નહિ ધર્મની ત્રણેય વ્યાખ્યાને વિશ્વવ્યાસપીઠ પર સાંકળવાનું કામ પણ બાકી રહ્યું છે, તે ક્રાંતિપ્રિય સંતના માર્ગદર્શન તળેનો એ અનુબંધ વિચારધારામાં મુખ્ય અવકાશ રાખે છે.

## ત્રણ બાબતો અને પૂર્તિ

ગાંધીજીના જીવનની ત્રણ બાબતો હતી : (૧) જીવનનાં તમામ ક્ષેત્રોમાં ધર્મનો સ્પર્શ હોવો જોઈએ. (૨) જો આખા જગતની માનવજાતની સંસ્કૃતિ સદ્ધર્મથી રંગવી હોય તો ભારત જ તેનું માધ્યમ બની શકે, તેમ થવું જોઈએ. (૩) સંસ્થાઓ દ્વારા જ સમાજ ઘડતર થાય માટે વ્યક્તિને આંતરિક-બાહ્ય સંયમ દ્વારા જે મહત્તા મળતી હોય તે ભલે સ્વાભાવિક મળે, પણ જનઘડતર તો સંસ્થા દ્વારા જ મુખ્યત્વે થતું હોઈ સંસ્થાને જ મહત્ત્વ મળવું જોઈએ.

આ ત્રણ બાબતોના અધૂરા કાર્યને આગળ ધપાવવું જોઈએ અને સામાજિક મૂલ્યો માટે પાત્ર તરીકે આંતરિક અને બાહ્ય (બંને) રીતે જો ગૃહસ્થાશ્રમી, વાનપ્રસ્થી અથવા ગૃહસ્થાશ્રમી બ્રહ્મચારીને બદલે ત્યાં સંન્યાસી સાધુ-સાધ્વીને જ મહત્ત્વ આપવાની પૂર્તિ પણ સાથોસાથ કરવી જોઈએ. હા, આમાં શ્રી અરવિંદોએ નરનારી પૂર્તિનો આદર્શ આધ્યાત્મિક ક્ષેત્રોમાં પોતાના સંન્યાસવત જીવનથી અને માતાજીના પૂર્તિરૂપ જીવનથી ઉપસ્થિત કર્યો છે તે આ પ્રયોગમાં ગ્રહણ કરવા યોગ્ય હોઈ સાધુપુરુષ સાથે અનાયાસે કોઈ સાધ્વી કે સાધ્વીઓ અથવા

બહેન કે બહેનો રહે તેમાં ભાલનળકાંઠા પ્રયોગ આવકારદાયક ગણે છે.

## જૈન ધર્મનાં મૂળ અને ઇતિહાસ

આને સારુ જૈનધર્મનાં મૂળ અને ઇતિહાસ બંનેય ખૂબ ઉપયોગી થઈ પડે તેવાં છે. અલબત્ત ભગવાન મહાવીરના પાદવિહારમાં પોતે સર્વજ્ઞ થયા પછી સાધુસાધ્વીઓના સહવિહાર અને સહનિવાસોના ઉલ્લેખો તારવી શકાય છે, પણ જૈનધર્મ જે અનેક મુસીબતોમાંથી પાર ઊતર્યો છે તેમાં એકલવિહાર, સહસાધ્વીપ્રવાસ, સહબહેન પ્રવાસ ખાસ કરીને શ્વે. મૂર્તિપૂજક તથા શ્વેતાંબર સ્થાનકવાસી ફિરકાઓમાં આવકારદાયક ગણાતો નથી. જો કે વેશ્યાને ઘેર ચાતુર્માસ રહી મુનિ સ્થૂલીભદ્રે જૈન ઇતિહાસમાં અનેરો ચીલો પાડ્યો છે, પણ ત્યાંય તેમના ગુરુભાઈ નિષ્ફળતા પામેલા એટલે સ્થૂલિભદ્રનો મહિમા આખા શ્વેતાંબર વર્ગમાં અજોડ છતાં, તે દિશા જાણે અપવાદરૂપ બની ગઈ છે. હવે તેને અપવાદને બદલે ઉત્સર્ગરૂપ સ્વાભાવિક બનાવવાની છે. આ સિવાયની ઉપલી બધી બાબતોમાં ગીતા કરતાંય જૈનધર્મ આગળ જાય છે અને તેણે બધાં અંગોને તદ્દન વ્યવહારુ બનાવી સિદ્ધાંત અને વ્યવહારનો સુખદ સુમેળ સાધી આપ્યો છે. અહીં તેનાં થોડાં ઉદાહરણો આપણે જોઈ લઈએ :

## જૈન ઉદાહરણો

ગુજરાતના... મંત્રીએ જૈનતીર્થ શત્રુંજય જીર્ણોદ્ધાર કરવા ધાર્યો, ત્યારે તેમણે સહધર્મીઓના નાના ફાળાને પણ મહત્ત્વ આપ્યું. એ રીતે પરિગ્રહ સંપૂર્ણપણે છોડનાર સાત દમડી આપનાર ભીમા વાણિયા શ્રાવકને સર્વોચ્ચ મહત્તા આપી એ

સિદ્ધ કરી આપ્યું છે કે નીતિમય આજીવિકા ચલાવનારની ઉદારતા સર્વોપરી સ્થાને છે. જૈન ગ્રંથોમાં શ્રેણિક અથવા બિંબિસાર રાજા જાતે ચાલીને પુણ્યા શ્રાવકને ત્યાં ગયાનો ઉલ્લેખ આવે છે. તે બતાવી આપે છે કે, 'નીતિમય આજીવિકા હોય ત્યાં ધર્માનુસંધાન બળવત્તર બની શકે છે, નહિ તો મહાવીર ભગવાન પુણ્યાની સામાયિક આનંદ, કામદેવ, ચલુણીપિયા' જેવા દશ શ્રમણોપાસકો (શ્રાવકો)ની સામાયિક કરતાં પ્રથમ દરજ્જે ન મૂકત. કારણ કે તેઓ સમજતા હતા કે લાખો કરોડો સોનામહોરો અને હજારો ગાયો ધરાવનાર આનંદ કરતાં સર્વસામાન્ય જનતાને અનુકરણપાત્ર તો મજૂરી કરીને પેટિયું કાઢતો પુણ્યો જ બની શકે, આનંદાદિ શ્રાવકો નહિ. સમાજમાં નીતિથી મળેલું ધન સમાજમાં ટ્રસ્ટી તરીકે રહી આપનારા ભલે બીજી રીતે નમૂનારૂપ રહ્યા, પણ તે આમજનતાને માટે અનુકરણપાત્ર તો ન જ બની શકે.

વૈદિક ગ્રંથોમાં આવતા રાંકા-બાંકા જેવાં ભક્તભક્તાઓ કરતાંય અને ઈસ્લામ-ખ્રિસ્તમાં આવતાં નીતિનાં ઘણાંય પાત્રો અને પ્રસંગો (દા.ત., એક દ્રાક્ષની વાડીમાં જેમ જેમ મજૂરની જરૂર પડી, તેમ તેમ બેકાર મજૂરોને ખ્રિસ્તીવાડી માલિક ગોઠવતો ગયો અને છતાં બધાયને સમાન મજૂરી આપી. એટલે કે મજૂરી કરનારને કામ અને ગૌરવભેર રોટલો (બંને) આપવા સમાજ બંધાયેલો જ છે, તે) કરતાંય જૈનોમાંનું આ પુણ્યાનું પાત્ર વધુ સ્પષ્ટ જણાઈ રહે છે. કારણ કે તેમાં ધર્મમય કૌટુંબિક જીવન અને સક્રિય અધ્યાત્મ જીવનનો મેળ છે અને મહાન સમાજ ગૌરવનો ન્યાય અને વિશ્વવાત્સલ્ય તથા કષાયમુક્તિનો સુંદર આદર્શ રહેલો છે.

## સામાજિક અને રાજકીય ક્ષેત્રો

ધાર્મિક અને આર્થિકક્ષેત્ર પછી સામાજિક ક્ષેત્રમાં જૈન ધર્મ ઈતિહાસમાં કેટલાંય શ્રાવકશ્રાવિકાઓનાં બ્રહ્મચર્યલક્ષ્ય અને અહિંસાની સમાજ અને રાજ્યમર્યાદાઓ છતાં આગળ વધવાના નમૂનાઓ અનેક મળે છે.

પોતાના સગા ભાણેજો (જમાઈના પુત્રો) ને ન્યાય ખાતર મદદ કરનાર વૈશાલીના ચેટક મહારાજા અદ્ભુત છે. હા, તેઓ સામુદાયિક યુદ્ધ નથી રોકી શક્યા. ઊલટા તેમાં મોખરે રહ્યા છે પણ ભાણેજ સગપણે તેમને રૂકાવટમાં નાખ્યા નથી.

બ્રહ્મચર્યલક્ષ્યમાં શારદાદેવી અને રામકૃષ્ણની તથા કસ્તૂરબા અને ગાંધીજીની જોડીને વટી જાય, તેવો નમૂનો વિજયશેઠ વિજયા શેઠાણીનો છે. જેઓ ગૃહસ્થાશ્રમી છતાં એક શય્યામાં સૂવા છતાં નૈતિક બ્રહ્મચારી રહી શકેલાં. બાકી એકપત્નીવ્રતધારી શ્રાવક અને એકપત્નીધારી શ્રાવકોનો તો જૈનધર્મશાસ્ત્રોમાં તથા જૈનધર્મ ઈતિહાસમાં પાર જ નથી. અહિંસાના વ્યક્તિગત પરિવર્તન અને પ્રખર ક્ષત્રિયવટ સાથે અહિંસાનો તાળો મેળવનાર સુદર્શન જેવાં પાત્રો પણ ઓછાં નથી. જે અર્જુનમાળી જેવા પ્રતિરોજ સાત ખૂનો કરનારને પણ ધર્માનુરાગી અને પૂર્ણ અહિંસક બનાવી શકે છે. ભગવાન મહાવીરે ખુદે તો સામાજિક મૂલ્યરક્ષા માટે તથા પ્રચંડ વિષધર સર્પના હૃદય પરિવર્તન માટે પણ વ્યક્તિગત અહિંસાની સફળતા પ્રબળ રીતે પુરવાર કરી જ છે. સામાજિક મૂલ્યરક્ષા કાજે ૧૭૫ દિવસનો મહાવીરનો તપ અભિગ્રહ પણ અભૂતપૂર્વ જ છે, કે જેને સંત વિનોબા સર્વોપરીતત્ત્વ તરીકે કબૂલે છે તેવું નારી ગૌરવ સમાજ પ્રતિષ્ઠિત

થયું અને એક વખત બજારમાં વેચાનાર વૈશ્યાની ખરીદીમાંથી બચી વસુમતી કૌમાર્યપણે મોક્ષ સિદ્ધ કરી શખી અને છત્રીસ હજાર સાધ્વીઓના મહાવીર જૈનસંઘની એક અને અજોડ પ્રવર્તિની બની શકી. પ્રભુ પુત્ર ઈસુ એક વેશ્યાને ઘેર પધરામણી કરી, તેને સન્માર્ગે વાળે છે, તે નમૂના કરતાં આખાયે નારી સમાજને અને કોશાવૈશ્યાને ગૌરવ અપાવનાર આ પ્રસંગો કેટલા ભવ્ય લાગે છે ! હા, સામુદાયિક મૂલ્ય રક્ષા માટે બીજાં પાત્રો હાથપગ તરીકે તૈયાર ન હોય ત્યાં જાતે જૈનાચાર્ય હોવા છતાં હથિયાર સહિતના પ્રત્યાક્રમક યુદ્ધની આગેવાની લેતાં જૈનધર્મે અચકાયા નથી. હેમચંદ્રાચાર્ય પોતે સાધ્વી સરસ્વતીના શિયળ નિમિત્તે પ્રબળ રાજવીઓને પણ પરાજિત કરનાર તરીકે જાણીતા છે. સામાજિક મૂલ્ય રક્ષા માટે વેશ્યાને ત્યાં પોતાના શિષ્યને મોકલનાર સંભૂતિ વિજય જેવા જૈનધર્મગુરુ અને જાતે યુદ્ધે ઝઝૂમવા જનાર અને પછી સ્વેચ્છાએ ભલે પ્રાયશ્ચિત લેનાર પણ તેને આખા સમાજે તેવી ફરજ ન પાડી હોય તેવો ઉદાર સમાજ પણ જૈનધર્મના ઇતિહાસમાં જોઈ આવા ધર્મને-આજના જગતમાં નીતિને સર્વધર્મલક્ષી બનાવવામાં, સર્વ ધર્મને સક્રિય અધ્યાત્મ ધર્મ તરીકે વાળવામાં, સક્રિય અધ્યાત્મને વિશ્વવાત્સલ્યમાં પરિણમાવવામાં સહાય કરનાર, તેમજ છેલ્લે સર્વાંગીકષાય મુક્તિમાં પરિણમનાર ગાંધીજીના સામુદાયિક અહિંસાના પ્રયોગોનું અનુસંધાન સ્વીકારે તો પછી વિશ્વધર્મ તરીકે તેવા જૈનધર્મને મુખ્યપણે સ્વીકારવામાં શી હરકત છે ? ગાંધીજીએ જેમને પોતાના સર્વોચ્ચ માર્ગદર્શનરૂપે સ્વીકાર્યા છે અને જેમનો એક પણ શબ્દ મુમુક્ષુતા વિનાનો નથી, એવી

છાપ કબૂલી છે, તેમના આ મતલબના શબ્દો અહીં ખાસ વિચારવાના છે :

'જે જૈનમાં નથી તે ક્યાંય નથી પણ જૈનેતરમાં ક્યાંય નથી, તેવું ઘણું જૈનમાં હું જોઈ શક્યો છું.'

અનુબંધ વિચારધારાનો અમલ કરતા સર્વધર્મનાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ભાઈબહેનો ૐ મૈયારૂપ જીવન અને જગતના મહા નિયમના નેજા તળે પોતપોતાના સાંપ્રદાયિક ધર્મોમાં રહી બધા ધર્મોની ઉપાસનામાં રસ લઈ તેમાંથી લેવા જેવું તત્ત્વ ગ્રહણ કરી તેનું સક્રિય આચરણ કરે તો દરેક ક્ષેત્રે ધર્મિષ્ઠ માનવ કેન્દ્રસ્થાને આવી જાય અને વિશ્વમાં કાયમી શાંતિ સ્થિર બની જાય, તેમાં શી નવાઈ ? આનું જ નામ ખરી સર્વધર્મ ઉપાસના છે.

❑


## મુનિશ્રી રચિત

- **સર્વધર્મ પ્રાર્થના પીયૂષ**
  પ્રકાશક : **નવજીવન પ્રકાશન મંદિર**
  અમદાવાદ-૩૮૦૦૧૪
- **સર્વધર્મ પ્રાર્થના** - સંતબાલ
  કિંમત એક રૂપિયો
  પ્રકાશક : **મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર,**
  અમદાવાદ.

## ગુણ-સ્મરણ

પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું,
માન્યાં પોતાસમ સહુને;
પૂર્ણ અહિંસા આચરનારા,
નમન તપસ્વી મહાવીરને.
જનસેવાના પાઠ શિખાવ્યા,
મધ્યમ માર્ગ બતાવીને;
સંન્યાસીનો ધર્મ ઊજાળ્યો,
વંદન કરીએ એ બુદ્ધ તને.
એકપત્ની-વ્રત પૂરણ પાળ્યું,
ટેક વણી છે જીવતરમાં;
ન્યાયનીતિમય રામ રહેજો,
સદા અમારા અંતરમાં.
સઘળાં કામો કર્યાં છતાં જે,
રહ્યા હંમેશા નિર્લેપી;
એવા યોગી કૃષ્ણ પ્રભુમાં,
રે'જો અમ મનડાં ખૂંપી.
પ્રેમરૂપ પ્રભુપુત્ર ઈસુ જે,
ક્ષમાસિંધુને વંદન હો;
રહીમ-નેકીના પરમ પ્રચારક,
હજરત મહમ્મદ દિલ રહો.
જરથોસ્તીના ધર્મગુરુની
પવિત્રતા ઘટમાં જાગો;
સર્વધર્મ-સંસ્થાપક સ્મરણો,
'વિશ્વશાંતિ'માં ખપ લાગો.

-સંતબાલ

# પ્રાર્થના

**પ્રાર્થના અથવા પૂજામાં કેટલો સમય આપવો, એની કંઈ મર્યાદા બંધાય ?**

એ તો જેની જેવી પ્રકૃતિ, પૂજાનો સમય એ જીવનનો અમૂલ્ય સમય છે. એ પૂજા એટલા માટે આપણે કરીએ છીએ કે તેથી આપણે વિવેકથી વિનમ્ર થઈ ઈશ્વરની સત્તા વિના એક તરણું સરખું પણ હાલતું નથી, એ વસ્તુનું જ્ઞાન મેળવીએ; આપણે તો માત્ર એ મહા પ્રજાપતિના હાથમાં માટીરૂપ છીએ એવું ભાન મેળવીએ. એ સમય એવો છે કે માણસ ગઈ કાલે શું કર્યું, તેનો વિચાર કરી લે છે. પોતાની ભૂલોની કબૂલાત કરે છે. તેને માટે ક્ષમા માગે છે, અને સુધરવાનું બળ માગે છે. આને માટે કોઈકને એક પળ પણ બસ થાય, અને કેટલાકને આખો દિવસ પણ પૂરો ન થાય. જેમનામાં રગેરગ ઈશ્વર વ્યાપેલો છે, તેનું તો પ્રત્યેક હલન-ચલન પ્રત્યેક પ્રવૃત્તિ પૂજારૂપ છે. તેઓનું ચાલવું-હાલવું પરિકમ્મા છે, અને તેઓનું કર્મ માત્ર સેવા છે. પણ જેઓનો જન્મારો પાપ વિના જતો નથી, જેઓ ભોગ અને સ્વાર્થનું જીવન ગાળે છે તેઓ તો જેટલી પ્રાર્થના કરે તેટલી ઓછી. જો તેઓમાં ધૈર્ય અને શ્રદ્ધા હોય, અને પવિત્ર થવા સંકલ્પ હોય, તો જ્યાં સુધી પોતાના હૃદયમાં ઈશ્વરનો વાસ તેઓ ન અનુભવે ત્યાં સુધી પ્રાર્થના કરવી ચાલુ રાખશે.

નવજીવન : ૧૩-૬-'૨૧ —ગાંધીજી